**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૫૦/–** આજીવન **૫૦૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦/–**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૬૫૮૧૧,૨૫૭૨૫૦૨**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ–ડૉ.બી.જે.જાગાણી, ૨૪–નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઈવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્ભાવભરી અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| 'બ્રહ્મ સત્યં'નું રહસ્ય | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| I realise–giving makes a true life | Sejal Bhakta | 15 |
| Experience at Swargarohan : a Memory for life time | Priya Bhakta | 19 |
| Maa gave us Opportunity | Ujval Patel | 21 |
| Without Maa's blessings, My trip to India–not possible | Bhavisha Bhakta | 24 |
| મહાત્માશ્રી યોગેશ્વરજી | શ્રી અરુણાબહેન ઠાકર | ૨૬ |
| વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા | મા સર્વેશ્વરી | ૩૦ |
| પૂ.શ્રીમાની સંનિધિ– સાગરનાં હરિરસમાં સ્નાન | ડૉ. બી. જે. જાગાણી | ૩૭ |
| પૂ. માની નિત્યનોંધ | મા સર્વેશ્વરી | ૪૫ |
| ચમત્કારો આજે પણ બને છે | શ્રી દિલીપકુમાર રાય | ૫૨ |
| જીવનપરિવર્તનની અદ્ભુત કથા | સંકલન : અધ્યાત્મ પ્રેમી | ૫૫ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

# અભિનંદનીય આવકાર્ય સહાય

વિદેશમાં વસતા પૂ. શ્રી યોગેશ્વરજીના શ્રદ્ધાળુ ભક્તો ગુરુપૂર્ણિમા, પ્રાગટ્યદિન, નિર્વાણદિન નિમિત્તે શ્રી લક્ષ્મી શ્રીચરણે અર્પણ કરતા રહે છે.

એ શ્રી લક્ષ્મીનો આ માસના અધ્યાત્મના અંકના પ્રકાશનમાં ઉપયોગ થયો છે.

<u>સહયોગી</u>

શ્રી અંબારામ શ્રી મણીબહેન

શ્રી નરેન્દ્રભાઈ શ્રી ભાનુબહેન

શ્રી ગણપતભાઈ શ્રી શાંતાબહેન

શ્રી રમણભાઈ શ્રી મોરારભાઈ

શ્રી શાંતાબહેન શ્રી મીરાંબહેન

શ્રી મણિબહેન શ્રી ખુશાલભાઈ

તથા સત્સંગીઓ

આભાર. અભિનંદન

—મા સર્વેશ્વરી



# 'બ્રહ્મ સત્યં'નું રહસ્ય

શ્રીયોગેશ્વરજી

'બ્રહ્મ સત્યમ્' બરાબર છે. તમે વારંવાર 'બ્રહ્મ સત્યમ્' બોલો છો તે પણ બરાબર છે. પરંતુ માત્ર એવું બોલ્યા કે રટ્યા જ કરશો અને એનો ભાવ નહિ સમજો તો કેમ ચાલશે? એથી વિશેષ હેતુ શો સરશે? બ્રહ્મ સત્યમ્‌નો ભાવ પણ સમજી લો. બ્રહ્મ સત્યં એટલે પરમાત્મા જ સત્ય છે, અવિનાશી છે, અથવા સર્વત્ર અને સર્વે કાળમાં રહેનારા છે. સંપૂર્ણ સૃષ્ટિમાં એ જ વ્યાપક છે. અંદર અને બહાર બધે એમની જ સત્તા છવાયેલી છે. એ ત્રિકાલાબાધિત અને સનાતન છે. વળી સૌના આધારરૂપ છે. એમ સમજીને એ પરમાત્મામાં પ્રીતિ કરવાની છે, મનને એમનામાં જોડવાનું છે, અને એમનો અનુભવ કરવા કટિબદ્ધ બનવાનું છે. બ્રહ્મ સત્ય છે એવો નિશ્ચય કરીને એ પરમાત્માનો જ આશ્રય લેવાનો છે. એ ઉપરાંત, જીવનને સત્યમ, નીતિમય, ન્યાયમય કરવા માટે પ્રયત્નશીલ બનવાનું છે. કારણ કે સત્યરૂપી પરમાત્માની પ્રાપ્તિ અથવા અનુભૂતિ કેવળ વાતો કરવાથી, મંત્રનું પોપટપારાયણ કરવાથી કે બ્રહ્મ સત્યં બ્રહ્મ સત્યં એવું બોલ્યા કરવાથી જ નહિ થાય. પરમાત્મા સત્યસ્વરુપ છે. એવું સમજીને એમને ઓળખવા માટે કમર કસી, જીવનમાં સત્યની સ્થાપના કરવા અને અસત્ય, અન્યાય, અનીતિ, અધર્મ, અનાચારાથી અલગ રહેવા કોશિશ કરવી પડશે. અસત્ય અથવા પરિવર્તનશીલ ક્ષણિક સંસારના વિષયોની મોહિનીમાંથી મનને પાછું વાળીને પરમાત્મામાં પ્રસ્થાપિત કરવું પડશે જીવનના એવા આમૂલ પરિવર્તન વિના પરમાત્માની પ્રાપ્તિ શક્ય નહિ બને.

અત્યારે તો એથી ઉલટું જ ચિત્ર ઉપસી આવે છે. બ્રહ્મને

બદલે જગતને જ સત્ય માનીને વિવિધ વ્યવહાર કરો છો, સંસારના વિષયોની પાછળ પડો છો, અને એમના રસાસ્વાદ માટે કમર કસો છો, પરમાત્મા તો તમારા જીવનમાં દેખાતા જ નથી, અથવા દેખાય છે તો જરીક જેટલા, પૂજાસેવાના ખંડપૂરતા કે ગ્રંથપારાયણ પૂરતા થોડાક વખતને માટે જ મર્યાદિત. બાકી દિવસના મોટા ભાગના વખત દરમિયાન તો એ અદૃશ્ય થઇ જાય છે અને એમની સાથે જાણે કે તમારો સંબંધવિચ્છેદ થાય છે. જીભ પરથી જોતાં ગમે તે લાગતું હોય પણ તમારા માટે તો સંસાર અને સંસારના રંગરાગ સત્ય છે. એમાં જ તમે ગળાડૂબ ડૂબેલા છો. પછી 'બ્રહ્મ સત્યં'નો સાચો સ્વાદ તમને ક્યાંથી મળી શકે?

'બ્રહ્મ સત્યં' કહેનારે અને એ બ્રહ્મનો સાક્ષાત્કાર કરવા ચાહનારે જીવનને કેટલું વિશદ, વિનમ્ર અને નિષ્પાપ તથા નિર્દોષ રાખવું જોઇએ એની કલ્પના કરી શકો છો? એની કલ્પના કરી શક્તા હશો તો તમે સદ્‌ગુણી તથા સાત્ત્વિક તો બનશો જ, કિન્તુ સાથેસાથે તમારા આહારને પણ બને તેટલો અણિશુદ્ધ બનાવશો. એ દશામાં માંસાહાર તો કરી શકશો જ કેમ? તમારા જીવનના ધોરણ—પોષણને માટે હિંસાના તત્ત્વને બને તેટલું ઓછું કરશો.

બ્રહ્મને જ સત્ય માનનારનો જીવનવ્યવહાર કેટલો બધો અસાધારણ, અનેરો અને અલૌકિક બનશે તે જાણો છો? સત્યસ્વરૂપ પરમાત્માનો એ સમસ્ત સંસારમાં સાક્ષાત્કાર કરશે. સૌની અંદર એમનું દર્શન કરીને સૌની સાથે સ્નેહ રાખશે, સૌની સહાયતા સારુ તત્પર બનશે, રાગદ્વેષ અને અહંતામમતામાંથી મુક્તિ મેળવશે, અને સંસારના વિવિધરંગી વ્યવસાયોની વચ્ચે વસવા છતાં પણ, અનાસક્તિ એને માટે સહજ બનશે. એનું



શરીર સંસારમાં પણ એનો પ્રાણ પરબ્રહ્મ પરમાત્મામાં જ જોડાયેલો રહેશે. જગતને એ મોટું મુસાફરખાનું માનશે, અને એક દિવસ એમાંથી વિદાય થવાનું છે એવા ખ્યાલ સાથે સભાન રહીને વિદાયની તૈયારી કરશે.

'બ્રહ્મ સત્યં' મંત્ર મોટો છે. મહામૂલ્યવાન છે. પરંતુ એને સમસ્ત જીવનમાં સંમિશ્રિત કરી દેશો કે જીવવા માંડશો તો જ તે મોટો બનશે ને મૂલ્યવાન થશે. બાકી તો કેવળ જીભની શોભા જ બની રહેશે. જીવનનું પ્રેરક પીઠબળ નહિ બને. એના યાંત્રિક પારાયણથી શું કરશો?

### ભક્તિસુધા

પ્રભુને પૂજીશ હું કદા? લાવી સાચો પ્રેમ;
એકાગ્ર કરી મન ઇંદ્રિયો, પાળી રૂડા નેમ. ૮૨
પરમ પ્રેમ ચંદન કરી, હું—મારું એ ફૂલ;
જીવભાવરૂપ ભેટ ધરી, કદા ત્યજીશ ભવશૂલ? ૮૩
પુનઃ પુનઃ પ્રભુને નમું, રાખી રૂડો ભાવ;
કપટ ગર્વ છોડું બધાં, કદા લઉં એ લાવ? ૮૪
સઘળા સ્વારથ છોડીને, કરી માનનો ત્યાગ;
પ્રભુદાસ ક્યારે થઇશ? રાખી દૃઢ અનુરાગ. ૮૫
પ્રભુને પૂરણ પ્રેમથી, માની મિત્ર ઉદાર;
સખ્યભાવથી પ્રભુ ભજી, કદા તરીશ સંસાર? ૮૬

**(મહારાજશ્રીનથુરામશર્માજી)**

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૨ જૂન–૨૦૧૦ અંક ૯

## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**સ્થળ : ૮૯, કોટયર્ક નગર, સાંદરેરોડ, સુરત**

**તા. ૨૮/૨/૮૨ રવિવાર**

આજે મુલાકાત બંધ હતી. પૂ.શ્રીએ સવારે પોતાના નિયમ મુજબ કામ કરી લીધું.

આજે ખાસ કંઇ નોંધ ન હતી. મુલાકાતના સમયે સામાન્ય વાતો જ થઇ.

આજે દક્ષિણ ગુજરાત થિયોસોફી સોસાયટીની એક દિવસની શિબિરમાં પૂ.શ્રીને આજે અધ્યક્ષપદ લેવાનું હતું. પૂ.શ્રીએ ''મૃત્યુ પછીનું જીવન'' વિષયની સુંદર છણાવટ કરતું પ્રવચન આપ્યું. આજે થિયોસોફીના એ હોલમાં સુરતના પ્રેમી ભાઈબહેનો મળ્યા.

સાંજે પૂ.શ્રીએ બટાકાપૌંઆ અને દૂધ લીધું. પછી આરામ.



રાત્રે નિયમ મુજબ મંત્ર જપ કર્યા.

**સ્થળ : ૮૯, કોટયર્ક નગર, સાંદરેરોડ, સુરત**

**તા. ૧/૩/૮૨ રવિવાર**

સવારે પૂ.શ્રી સમય પ્રમાણે સ્નાન કરી લે છે. લેખનકાર્ય શરૂ કરી દે છે. વચ્ચે નવ વાગ્યે દૂધ પી લે છે. દૂધ પીવાનું બને છે ત્યારે પણ મૌન જ રાખે છે.

ગયા સોમવારે શિવરાત્રી હતી. સર્વેશ્વરી મૌન રાખે છે. આજે પણ સોમવાર છે. સર્વેશ્વરી મૌન રાખે છે. સોમ, ગુરુ ને દરેક અગિયારશે મૌન રાખવાનું સર્વેશ્વરી ઇચ્છે છે, પણ પૂ.શ્રી ફક્ત સોમવારે જ મૌન રાખવાની રજા આપે છે.

આજે પૂ.શ્રીએ દાળભાતનું ભોજન લીધું. ભોજન લેતી વખતે પૂ.શ્રીએ સર્વેશ્વરીને વિશેષ સૂચનાઓ આપવા ગાવા માંડ્યું.

વાદ ન લેશો ભાઇ

જે ભાવે તે ખાજો.

પૂ.શ્રી એક માસથી કણકી ને દૂધ જ લે છે. આજે દાળ ને ભાત લીધાં. ભોજન બાદ પૂ.શ્રી બેઠકના ઓરડામાં આવે છે, ત્યારે બેઠકના ઓરડામાં ફક્ત હેમાબહેન ભટ્ટ જ બેઠાં હતાં. તેઓ પૂ.શ્રીને પ્રણામ કરે છે.

ઘરનું મુખ્યદ્વાર ખોલી નાંખવામાં આવે છે. શેત્રંજી પાથરી દેવાની કામગીરી હેમાબહેન જ ઉપાડી લે છે. બેઠકના એ ઓરડામાં દેવસ્થાન છે. એમાં પૂ.શ્રીની મોટી તસ્વીર છે. વળી બીજી પણ એક મોટી તસ્વીર બારી પાસે છે, જેમાં પૂ.શ્રી ખુરશી પર બિરાજ્યા છે.

એક સોફા છે. જેના ઉપર લાલ ફૂલની ચાદર પાથરી છે. જ્યાં પૂ.શ્રી થોડા આંટા માર્યા બાદ બિરાજે છે. વાતો શરૂ થાય છે. શ્રી હેમાબહેન આજે પ્રશ્ન શરૂ કરે છે. હજી મુલાકાતીઓમાં એક ભાઇ જ આવ્યા છે.

**પ્રશ્નઃ—**મહાત્માજી હું બપોરે જપ કરું છું. સવારે સમય મળતો નથી. તો ચાલે ખરૂં?

**પૂ.શ્રીઃ—**હિમાલયમાં વરસો સુધી મારે બપોરે જપ કરવાનો નિયમ હતો. પદ્માસનમાં બેસીને જપ કરતો. તમારે સવારે ઘરકામ હોય એટલે બપોરે જપ કરી શકાય.

**પ્રશ્નઃ—**વિચારો, જપ કરવા બેસીએ ત્યારે જ આવે તો તેને અટકાવવા શું કરવું?

**પૂ.શ્રીઃ—**હોઠ હલાવીને જપ કરો.

**પ્રશ્નઃ—**નિત્યક્રમમાં શું કરવું જોઇએ?

**પૂ.શ્રીઃ—**રોજના કાર્યક્રમમાં તો સવારે ઉઠીને પ્રાર્થના, પછી જપ કરવા. કામ કરતાં કરતાં પ્રભુસ્મરણ કરો. ગીતાનો પાઠ કરો. અગિયાર વાગ્યા સુધીમાં તો બધા બહાર જાય તો ૧૧ થી ૧૨ બેસો. પછી ભોજન લો. બપોરે ભાગવત રામાયણમાંથી વાંચો.

**પ્રશ્નઃ—**રાત્રે ઉઠી શકાતું નથી.

**પૂ.શ્રીઃ—** મોડા સુવાનું થાય પછી ક્યાંથી ઉઠાય? ચોરો ઉઠે છે. ભગવાનના ઘરમાં ચોરી કરતા શીખી લો. રાતે ન ઉઠાય તો દિવસ તો ઘણો મોટો છે. દિવસે જપ કરી લો. એવો નિયમ લો કે અમુક જપ ન થાય ત્યાં સુધી જમવું નહી.

**પ્રશ્નઃ—**કેટલી માળા કરવી જોઇએ?



આટલી પ્રશ્નોત્તરી થઇ ત્યાં તો ઓરડો આખોયે વારાફરતી આવનારા મુલાકાતીઓથી ભરાય ગયો. પ્રણામ કરીને સૌ બેઠા.

પૂ.શ્રીએ જવાબ આપતા કહ્યુંઃ—

એક માણસે મને પૂછેલું કે દરરોજ કેટલા રૂપિયા કમાવવા જોઇએ? અરે ભાઇ, જેટલા પણ વધારે કમાવાય એટલા.

શ્વાસે શ્વાસે સુમીરન કર લે

સદ્ય ભવસિન્ધુ તરવા.

શ્વાસે શ્વાસે સુમીરન થાય છે ખરું? પણ તે ભગવાનને બદલે સંસારનું. શ્વાસે શ્વાસે પ્રભુસ્મરણની ટેવ પડતાં પડશે, પણ દરરોજની ઓછામાં ઓછી ૨૦ માળા તો કરો જ.

આવનાર બેન એ સાંભળીને પ્રશ્ન પૂછે છે.

**પ્રશ્નઃ—**ક્યા મંત્રની માળા કરવી જોઇએ?

**પૂ.શ્રીઃ—**હવે તો છોકરાઓ જાતે જ પસંદગી કરીને લગ્ન કરી લે છે. માબાપને તો ખબર પણ પડતી નથી. મંત્રની પસંદગી કંઇ અમારી ન ચાલે. પોતે જ મંત્ર પસંદ કરી લેવાનો છે.

**પ્રશ્નઃ—**એકાંત મારાથી સહન નથી થતું, તો શું કરું?

**પૂ.શ્રીઃ—** એકાંતમાં પણ પ્રભુ છે. આપણે એકલા નથી, એમ માનો. જેમ જેમ પ્રભુમાં વિશ્વાસ આવશે તેમ તેમ એકાંતનો ડર ન લાગે. સીતામાતાને એમ લાગતું કે આ અશોક વાટિકમાં રામ મારી પાસે છે.

એકાંતમાં સમયપત્રક બનાવી લો, દિવસ દરમ્યાન એક એક કલાકની ત્રણ બેઠક પ્રભુસ્મરણની લગાવો. કાર્યક્રમ હોય તો એકાંત ગમે.

**પ્રશ્નઃ—**દરરોજ ૨૦ માળા કરવાની તે જુદા જુદા નામની

કરવાની?

**પૂ.શ્રીઃ–** ના. એક જ નામ. પસંદગી કરી લેવાનું જપ એક જ. ધૂન જુદી જુદી ગાઈ શકાય. પણ જપ તો ઈષ્ટદેવના જ કરવા.

**પ્રશ્નઃ–**હું રામ રામ જપું છું.

**પૂ.શ્રીઃ–**બીજુ હવે કરવાનું પણ શું છે? સૂર્ય અસ્તાચલ પર પહોંચ્યા છે. જીવનમાં હવે સંધ્યાનો સમય છે. એટલે હવે જપ જ કરો.

**પ્રશ્નઃ–**અનુષ્ઠાન ઈષ્ટમંત્રનું જ થાય.

**પૂ.શ્રીઃ–** જે ઈષ્ટમંત્ર હોય તે જ અનુષ્ઠાનમાં પણ જપો. ગાયત્રીની એક માળા કરો.

**પ્રશ્નઃ–**અનુષ્ઠાન સમયે શરીર બગડે તો ઉઠવું પડે તો?

**પૂ.શ્રીઃ–** ઘરડા, બીમાર, પ્રવાસી, પરમહંસ ને યોગીઓ માટે અપવાદ છે. પ્રભુ તો ખૂબ ઉદાર છે. બને તેટલી શુદ્ધિ કરવી. ન થાય તો અપવાદરૂપે પ્રભુએ છૂટ આપી છે. સુતા સુતા પણ સ્મરણ થાય.

**પ્રશ્નઃ–**પૂર્વના કર્મોથી બીમારી આવે?

**પૂ.શ્રીઃ–**પૂર્વનાં કર્મો ને અત્યારનાં કર્મો પણ ખરાં જ ને, પચે નહીં એવું ખાઓ તો બીમારી આવે કે ન આવે?

**પ્રશ્નઃ–**કારણ શરીર ઉપર આપ કંઈ પ્રકાશ નાંખશો?

**પૂ.શ્રીઃ–** સ્થૂળ શરીર :–જે દેખાય છે તે. સુક્ષ્મ શરીર :– પૃથ્વી, પાણી સિવાયના તત્ત્વો જેવાં કે અગ્નિ, વાયુ, આકાશથી જે શરીર થયું તે. તેમાં મન, પ્રાણ, જીવ ખરાં. શરીર છૂટે ત્યારે એ સૂક્ષ્મ શરીર જાય. તેનો આકાર સ્થૂળ શરીર જેવો જ હોય.



હવે ત્રીજું કારણ શરીર : એનું નામ જ કારણ એટલે શું, જન્મમરણનું, સુખદુઃખનું, ભોગ, વાસના ને મોહનું જે કારણ બને તે કારણ શરીર કંઈ જૂદુ નથી. સૂક્ષ્મ શરીરમાં જે મન રહે છે. તેમાં જ કારણ રહે છે. મોહ, મમતા, અંહતા મનમાં જ હોય. જો મન પવિત્ર થઈ જાય તો પછી કોઈ કારણ જ ન રહે.

એક પ્રશ્ન લેખિત આવ્યો છે. તેનો જવાબ આપે છે. તે બેને ફરી એક પ્રશ્ન પૂછ્યો.

**પ્રશ્નઃ–**પ્રભુના ફોટા પાસે બેઠા હોઈએ ને કોઈ મંત્ર આપોઆપ સ્ફૂરે તો તે જ જપ કરવો?

**પૂ.શ્રીઃ–**આપણે સુરતથી મુંબઈની ટિકિટ લઈએ ને વચ્ચે વચ્ચે નવાં નવાં સ્ટેશનો આવે તો આપણે ઉતરી જઈએ? ના. તો! જે મંત્ર આપણને ગુરુ દ્વારા મળ્યો હોય તે જ જપો.

**પ્રશ્નઃ–**ધ્યાનમાં બેસીએ ત્યારે કલ્પનાની બહારનાં દૃશ્યો દેખાય.

**પૂ.શ્રીઃ–** આપણે તો ઘણાં જન્મોથી પ્રવાસ કરીએ છીએ ને! કઈ રેલગાડીના ક્યા ડબ્બામાં ક્યારે કોણ મળ્યા તે આપણે ભૂલી જઈએ છીએ. પણ જે જોયેલા હોય તે જ મળેને.

પણ એ બધા દૃશ્યોને મહત્ત્વ ન આપો. તમે ભગવાનની જ કલ્પના કર્યા કરો. સ્વાગત ન પામતા મહેમાનો બહુ ટકે નહીં, તેમ જે વિચારોને બહુ મહત્ત્વ ન આપીએ તો તે જતા રહે છે.

**પ્રશ્નઃ–**ધ્યાનાવસ્થામાં વિકૃત આકૃતિ પણ દેખાય?

**પૂ.શ્રીઃ–**આપણા મનમાં જે વિકૃતિઓ રહેલી હોય તે ઘણીવાર દેખાતી હોય છે. એટલે જેમ બને તેમ મનને સાત્વિક, નિર્મળ બનાવતાં શીખો. પછી તો બધાં જ પ્રભુની છાયા જેવા

લાગશે.

હવે આપણો સમય થયો છે ઉઠવાનો. પ્રવચન સ્થળે મળીશું.

સૌને પ્રસાદ આપવામાં આવે છે. સૌ પ્રણામ કરી વિદાય થાય છે.

પૂ.શ્રી ગુજરાતમિત્ર પેપરને જરા જોઇ લે છે. પછી એક પત્ર લખાવે છે. સાહિત્ય સંગમમાંથી પુસ્તકો લાવવાનાં છે તે પણ નોંધ લખાવે છે.

પૂ.શ્રી થોડો આરામ કરી ફરી લેખનકાર્ય કરે છે.

લેખનકાર્ય બાદ પ્રવચન સ્થળે જવા માટે તૈયારી થાય છે. આજે પૂ.શ્રીને દરરોજની જેમ પાછલા ભાગના ગુદાપ્રદેશમાં દવા લગાડવામાં આવી. ત્યારે વાતચીત દરમ્યાન પૂ.શ્રીએ કહ્યું:—

આ શરીર પણ હાલતું ચાલતું સંડાસ જેવું જ છે ને! ઉપરથી સારુ લાગે પણ અંદર તો ખૂબ ગંદકી તે પણ આત્માની હાજરીને લીધે સારું લાગે છે.

આજે પ્રવચનનો પ્રથમ દિવસ. સુરત શહેરના ચોક. ગોપીપૂરા વિસ્તારના એનીબેસન્ટ હોલમાં પ્રથમ પ્રવચન થયું. સાંજે છ વાગ્યે શ્રી રમેશભાઇ એક્ષપ્રેસ એન્જી. વર્કસવાળા ગાડી લઇને આવી જાય છે. સાડા છ વાગ્યે હોલ ઉપર જવાનું બન્યું. ગાડીમાંથી ઉતરતાં જ ફૂલોથી કેટલાક ભાઇબેનોએ સ્વાગત કર્યું.

સ્ટેજ ઉપર બે આસનો તૈયાર જ હતાં. પૂ.શ્રી બેઠા. સર્વેશ્વરી દરરોજની જેમ પૂ.શ્રીને પ્રણામ કરીને બેસે છે. ચંદનતિલકથી સ્વાગત થાય છે. શ્રી ભટ્ટસાહેબ અને શ્રી



અતિસુખભાઇ શેઠ પ્રાસંગિક બે બોલ કહે છે.

પૂ.શ્રી વિદેશયાત્રાની મહત્ત્વની વાતો ગૂંથી લેતું એક પ્રવચન આપે છે.

પ્રવચનબાદ શ્રોતાઓ પ્રણામ માટે લાંબી કતારમાં આવી પ્રણામ કરે છે.

પ્રવચનબાદ ઉતારા ઉપર આવી બટાકાપૌંઆ ને દૂધનો નાસ્તો લઇ આરામ કર્યો.

(ક્રમશઃ)

★ જે આરાધે તેને માટે જગદંબા દોડે.

★ મા પાસે આવતાં બાળકો વ્હાલની કેટલી મોટી સંપત લઇને જીવે છે.

★ પ્રભુને સ્મરણથી પકડ્યા જ કરો, છટકવા જ ન દો.

★ ફળો ચિત્રોમાં જોઇએ અને ખાઇએ તેમાં ફેર તેમ સદ્‌ગુરુનું સ્વરૂપ જોઇએ અને તેમનું પ્રત્યક્ષ દર્શન કરીએ તેમાં ઘણો ફેર.

—મા

# I realise–giving makes a true life

**Sejal Bhakta**

Jai Krupalu Maa,

The first time I meet was in Kapura when I was 10 year old. I was in India with my parents visiting my cousins and heard that Maa was right there in Kapura. So my parents and I went to see her. I was so excited because I had heard from so many people that MAA was a great spiritial teacher. The thought of actually meeting her seemed like a dream come true. The minute I met MAA, she gave me blessings, love, and filled my pockets with candy. Her generosity was phenomenal. MAA reached out and showed me love, compassion and comfort. MAA wrote a letter to me encouraging me to become closer to her and learn her teachings. That letter made an unforgettable impression on me!

A few year later, I found out that MAA was in California where I lived, to I started going to Satsungs where I received blessings and become attached to her. That is when I knew she was my guru.



Over the year, as I became busier with school and friends, I drifted away from MAA–but she was always there for me in good times and bad. My cousin Bindiya told me that MAA had started camps in Swargarohan in India, where she helped children and adults who were in need. Bindiya said that I should travel to experience MAA's remarkable camps. The first thing that I thought I would have another chance to be closer to MAA again and learn more about her values and principles. In the December of 2009, I arranged a trip to India to experience Swargarohan and met MAA again. This was my chance to liveMAA's message of unconditional and selfless love; helping childern and adult(something that I had always wanted to do, but didn't exactly know how).

When I arrived at MAA's camp, I began helping by giving water, providing basic needs and even adopting a child for few minutes. These small but significant tasks change my perception of life completely. You don't even realize you are hungry, tired or anything because you are only thinking of is others.

The few days I spent there in Swargarohan

was an experience. I got to participate in the Anaj and Vastra Vitaran(food and clothes donating) camp, and I witnessed the gratitude of those who saw what MAA had given. To us, they were just basic goods that we take for granted; but for these children and adults and, they were precious gifts! To see the smile on their faces showed how thankful they were for what they had been given. I am so grateful that I got to experience such a wonderful feeling in this heavenly atmosphere. MAA sets an example of total selflessness; MAA is strong and giving–always putting the needs of others before herself. At the same time she makes us strong and teaches us to value little things which can bring us happiness.

My last day in Swargarohan was unforgettable. I found out that MAA was ill and wouldn't be participating in the event. However, when MAA heard we were leaving, even though she wasn't feeling well, she made the effort to come and give us her blessing. Once again, MAA had touched my heart! She showed me how much she cared for us. Not only did we receive her blessings but we also received prasad and



memories that will last forever!

MAA is not just a spiritual soul but a friend, a mother and our strength–MAA symbolizes all these qualities. The experience with MAA influenced me and how I see my responsibilities to others. As Winston Churchill once said, "We make a living by what we get, but we make a life by what we give."

Jai Krupula Maa.

★ જે પ્રાકૃતિક ધર્મો ત્યજીને સદ્‌ગુરુને શરણે સર્વભાવે રહે તેનો જીવન વિકાસ આપોઆપ થયા કરે. પણ ગુરુ જ તેનું સર્વસ્વ કરી દેશે એવું કોઈ પણ જ્ઞાની કહેતા નથી.

★ તમને લાગે કે આ નવું છે પણ સઘળું પૂર્વ આયોજિત જ હોય છે.

★ સાચી સેવા તો તે કે સેવા કર્મ યજ્ઞભાવે થયા કરે.

★ કર્મો કેવળ પ્રભુ પ્રીત્યર્થે થવા જોઈએ.

—મા

# Experience at Swargarohan: a Memory for life time

Jai Krupalu Maa, – Priya Bhakta

Where to begin when talking about my trip to Swargarohan, no one word could describe how one feels when inside those gates. There is so much to see, learn and experience all by the grace of Maa. I was very fortunate to take part in all the Satkrma camps and I am forever gratefull. I was very hesitant in coming as I got sick the night before coming to Swargarohan However, that all disappeared the minute I got there. I later realised that Maa was sick and I felt that she took my sickness away so that I could enjoy my stay there, which she fully fulfilled beyond expectation. I have never been a part of something so meaningful as to that of the Sat karma camps. Never have I seen extreme poverty on a first hand base and I can't put into words how I felt each and everyday I saw the faces of the people that came there. Each face told a story of it's own but all shared the common story of being less fortunate. Just to be



given daily essentials like a towel or food meant the world to these people. This experience has taught me to value all that I have and not take anything for granted. I want to thank everyone at Swargarohan for welcoming me with open arms and for there amazing hospitality. I would also especially like to thank Maa for giving me the opportunity to be a part of something so special. I hope to return to Swargarohan soon, every year would be great! Thank you Maa forever I will remember my experience at Swargarohan.

Jai Krupalu Maa

★ સાધક માટે સંતનો પ્રેમ એ જ પ્રસાદ.

★ ગૃહસ્થ જીવનની જવાબદારી સંભાળતાં સંભાળતાં સંસારની ફરજ ઉત્તમ રીતે બજાવતાં જે વિરક્ત રહે એ અડધે રસ્તે તો આવી પહોંચ્યો કહેવાય.

★ પ્રાર્થના કદી નિષ્ફળ જતી નથી.

–મા

# Maa gave us Opportunity

**–Ujval Patel**

Jai Krupalu Maa. First and foremost, I would like to thank MAA for giving me the opportunity to participate in this 10 day satkarma program. I know as well as everone else that a 10 day satkarma does not mean 10 days of work. There are many preparation that take place beforehand and MAA supervises all these tasks. Creating banners, checking up on shipments on grains, towels, and blankets, decorating Swargarohan, surveying the less fortunate, and registering each guest that stays at Swargarohan are only a few tasks MAA does. Without MAA none of this would be possible.

MAA came into my life in 2005. When I met MAA for the first time I did not know there was a Swargarohan in india, nor did I know what the meaning of faith was. I also did not know Prabhu had done years of meditation, maala, and prayer for us to be blessed to have MAA in our life. Many saints come and go in the U.S. for various reasons. Whether it is to collect a donation or spread the teaching of Hinduism, MAA's vibrations were stronger and deeper



than anything I have felt. At that time I did not know what was happening, but I do now. Maa was doing Magic! What kind of Magic? Magic that instills "sanskar" with MAA's love. Typically the "sanskar" that our parents give us are difficult to maintain living in the U.S.

In the same sense you restart a computer, MAA restarted me at the age of 20. After the restart I never needed to purchase on upgrade, because each time I visited MAA she had a new chip ready for me. The first chip MAA gave me was the chip of Pranam. Pranam is a mean of prayer in which MAA taught me. Pranam has a significant impact on me because when I met MAA I had the opportunity to do pranam with MAA for several weeks each morning. This allowed me to appreciate and carry out pranam.

The second chip MAA gave me was the chip of bawnii and bhajans. Being brought up in the U.S. and not speaking Gujarati often made learning bhajans difficult, but with the blessing of MAA I was able to learn them within a year.

The third chip MAA gave me was the power in faith and prayer. Maa has taught me that each and every prayer is heard. Let Prabhu worry about it, you just keep the prayer and faith growing.

The fourth chip MAA gave me was the art of giving to others. This has had a significant influence on me because the way MAA presented this concept. MAA said whenever you give, bow down and do a pranam because without this person you would not have the ability to give. In addition, the happiness you get when you give outweighs the happiness you get when receiving.

There is a quote by Mortimer Adler that states, “The purpose of learning is growth, and our minds, unlike our bodies, can continue growing as long as we live.” With that said I pray that MAA continue to keep upgrading each and every one of us with chips so that we may learn to live a better spiritual life and benefit others.

Jai Krupalu Maa

અનુભૂતિની મસ્તી વ્યક્ત કરવાની ક્ષણો કોઈક તરસ્યા હોય તો જ! બાકી તો ‘મા’ નોકરી આપો, પૈસા આપો. રોગ સારા કરી દો. લગ્ન માટે સારું પાત્ર આપો. એવું જ બધા પ્રાર્થે. મા પછી આંખો બંધ કરીને પ્રભુને એમને માટે પ્રાર્થે. જો કે સંસારીઓ બીચારા મા વિના કોને કહે.

—મા



# Without Maa’s blessings, My trip to India–not possible

Jai Krupalu Maa, –Bhavisha Bhakta

Frist of all I want to sincerely give many, many thanks to Maa for giving me the greatest spiritual experience ever. I gained many great memories during my first stay at Swargarohan and come back to the States with a stronger will to better myself as a person. Before December 2009 there were many things I did not know and had done: the meaning of “satkarma”, hiked through mountains and “khetars”, attended late night musical extravaganzas, played an Om Maa version of Simon Says with little “darinder narayans’ or climbed up a huge rock to play garba and watch the winter stars. Now two mouths later I fondly look back and can definitely say I have done all of the above, plus sooo much more!

My trip to India would have not been possible without Maa’s blessings, so thank you so much Maa! I enjoyed my stay at Swargarohan and meeting so many awesome people, both Indian and American residents. All I will pray for now is the capability to do even

more and have the oppurtunity to consistently come back to Ambaji.

Pranaam Maa,

Jai Krupalu Maa,

★ પ્રભુના અંતરે પ્રતિષ્ઠિત થઇ જાઓ. એ તો સર્વને સદા સન્માને જ છે.

★ કોઇ ઘટનાની પ્રદક્ષિણા કરવાને બદલે જેની કરવાની છે તેની જ પ્રદક્ષિણા કરો.

**—મા**

જગતની અવળવાણી પણ સાધકનું સન્માન જ છે.

**—મા**

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# મહાત્માશ્રી યોગેશ્વરજી

**શ્રી અરૂણાબેન ઠાકર**

(શ્રી અરૂણાબેન ઠાકરે પોતાનું Ph. D પૂ. શ્રી યોગેશ્વરજીના સાહિત્ય પર કર્યું છે. તેઓએ પૂ. યોગેશ્વરજીનો સંક્ષિપ્ત પરિચય આપતો જે લેખ લખ્યો છે, તેમાંથી વાંચકને બે વસ્તુની માહિતી મળી રહે છે. એક તો તેઓની સાધનાત્મક પ્રવૃત્તિ અને બીજી સાધનાના આધાર પર સર્જાયેલ વિવિધ વિપુલ સાહિત્યની. સાદર લેખમાં તેમના આવા રચાયેલ સાહિત્યની માહિતી વિશેષરૂપે છે, જેથી તેમાં રસ અને જિજ્ઞાસા ધરાવનાર વાંચકોને તે ઉપયોગી થાય તે દૃષ્ટિએ આ લેખ અત્રે મૂક્યો છે.

—તંત્રી)

જન્મ : ૧૫ ઓગષ્ટ, ૧૯૨૧, સરોડા, જિ. અમદાવાદ.

નિર્વાણ : ૧૮ માર્ચ ૧૯૮૪ મુંબઇ. ભારતના સુખ્યાત સંત સાહિત્યકાર. મૂળનામ ભાઈલાલ. પિતાનું નામ મણિલાલ ભટ્ટ. માતા જડાવબહેન. પિતા ખેડૂત હતા. પ્રાથમિક શિક્ષણ સરોડામાં પિતાના અવસાન બાદ નવ વર્ષની ઉંમરે તેઓ મુંબઇ ગયા. ત્યાં લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ થયા. તે અનાથાશ્રમમાં રહીને શાળાનું શિક્ષણ પૂરું કર્યું. સત્તર વર્ષની વયે મેટ્રીક પાસ થઈને વિલ્સન કોલેજમાં દાખલ થયા. પણ પ્રથમ વર્ષની પરીક્ષામાં નાપાસ થતાં અભ્યાસ મૂકી દીધો.

નાનપણથી તેમનું મન ઈશ્વરમાં મગ્ન રહેતું. તેમનું ધ્યેય પરમાત્માપ્રાપ્તિનું હતું. યોગાસનથી શરૂ કરીને સુદીર્ઘ યોગસાધના સુધી તેમનો અધ્યાત્મપ્રવાસ હતો. મુંબઇ નિવાસ દરમિયાન કેટલાક સાધુસંતોનો સંપર્ક સાધેલો, પણ તેનાથી સંતોષ

ન થતાં શ્રી અરવિંદને પત્ર લખીને તેમના આશ્રમમાં પ્રવેશની મંજૂરી માગી, પરંતુ તે મળી નહીં એટલે હિમાલય જવાનો નિશ્ચય કર્યો. આને માટે ભક્ષુ અખંડાનંદે તેમને મદદ અને પ્રોત્સાહન આપેલાં. ૧૯૪૧ના જાન્યુઆરીમાં તેઓ ઋષિકેશમાં શિવાનંદ આશ્રમમાં રહ્યા. ત્યાં તેમને પોતે 'નિત્ય, સિદ્ધ બુદ્ધ, મુક્ત' હોવાની પ્રતીતિ થઈ. ૧૯૪૨–૪૩ દરમિયાન વડોદરાની લોહાણા બોર્ડિંગમાં ગૃહપતિ તરીકે અને ઋષિકેશની એક ધર્મશાળાના મેનેજર તરીકે કામગીરી બજાવ્યા બાદ માતાની અનુજ્ઞા લઈને હિમાલય ભણી પ્રસ્થાન કર્યું.

તેઓ દેવપ્રયાગમાં દશરથાચલ પર્વતપર 'શાન્તાશ્રમ'માં રહી વીસ વર્ષ સુધી કઠિન તપશ્ચર્યા કરીને ત્યાગી મહાત્મા યોગેશ્વર(ગુજરાતી મહાત્મા) તરીકે પ્રસિદ્ધ થયા.

તેઓના આકર્ષક વ્યક્તિત્વમાં—જીવન વ્યવહારમાં શીલ–સદાચાર, સંયમ, સાદાઈ અને સૌ પ્રત્યેની શુભભાવનાનું દર્શન થતું. તેમણે ગાંધીજીનો પ્રભાવ ઝીલીને ખાદી ધારણ કરેલી, સ્વદેશી વ્રત લીધેલું અને દેશના સ્વાતંત્ર્યયજ્ઞમાં બલિ થવાની ભાવના સેવી હતી.

આત્મશ્રેયાર્થે ચાલતી યોગસાધનાને સમાંતર માનવજાતના શ્રેય અર્થે કર્મયોગ પણ ચાલતો હતો. અધ્યાત્મસાધનાની સાથે સાથે સાહિત્યસાધના પણ ચાલતી હતી. અંતઃપ્રેરણાથી 'યોગેશ્વર' ઉપનામ ધારણ કરીને સાહિત્યસર્જન શરૂ કર્યું. ૧૯૪૩ થી ૧૯૮૪ સુધી અવિરત ચાલેલી કલમયાત્રા દરમિયાન તેમણે દોઢસો ઉપરાંત પુસ્તકો લખ્યાં છે. તેમાં ૪ મહાકાવ્યો, ૨૫ ઊર્મિકાવ્યો, ૧૪ ગદ્યકાવ્યો, ૧૫ નવલકથાઓ, ૧ નાટક, ૧ નવલસંગ્રહ, ૩ જીવનચરિત્રો, ૫ આત્મચરિત્રાત્મક કૃતિઓ,



૬ પ્રવાસગ્રંથો, ૩ રેખાચિત્રો, ૨ પત્રસંગ્રહો, ૩ પ્રસંગચિત્રો, ૭ યોગદર્શન વિષયક ગ્રંથો, ૮ ઉપનિષદવિષયકગ્રંથો, ૨૬ ધર્મવિચારના ગ્રંથો, ૩ ગદ્યાનુવાદો અને ૬ પદ્યાનુવાદોનો સમાવેશ થાય છે. આમાંથી પચાસેક કૃતિઓ અપ્રગટ છે. તેમનું આત્મહંતાત 'પ્રકાશના પંથે' આધ્યાત્મિક આત્મકથાનો ઉત્કૃષ્ટ નમૂનો છે. તેમણે કરેલા 'શિવમહિમ્નઃ' સ્તોત્ર અને 'વિષ્ણુસહસ્રનામ'ના સમશ્લોકી અનુવાદ બહુ લોકપ્રિય થયા છે. 'રમણમહર્ષિ : જીવન અને કાર્ય' તેમનો ઉત્તમ ચરિત્રગ્રંથ છે. ૧૯૫૩માં પ્રકાશિત 'સરળગીતા'ની ૨૭ આવૃત્તિઓ થઈ છે, પોલ બ્રન્ટનના જાણીતા પુસ્તક 'ઈન સર્ચ ઓફ સીક્રેટ ઈન્ડિયા'નું ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં એ શીર્ષકથી તેમણે ભાષાંતર કરેલું છે. આ ઉપરાંત તેમણે હિન્દી અને અંગ્રેજીમાં પણ કેટલુંક સાહિત્ય સર્જ્યું છે. ઉપનિષદ, ગીતા, શ્રીમદ્‌ભાગવત્, રામાયણ અને યોગદર્શન વિશેના અભ્યાસગ્રંથો તેમના અધ્યાત્મ અનુભવના તેથી પ્રકાશિત હોઈ પ્રકાશપંથીઓ માટે માર્ગદર્શક બન્યા છે. તત્ત્વચિંતનનું તેમણે આપેલું વિપુલ સાહિત્ય ગુજરાતના ધર્મ તત્ત્વવિચારમાં અનોખી છાપ પાડે છે.

તેઓ ગુજરાતી આધ્યાત્મિક અને અધ્યાત્મિક—અનુભવો થયાનું અને નારદમુનિ, સંત જ્ઞાનેશ્વર, રામકૃષ્ણપરમહંસ, શ્રી અરવિંદ, સાંઈબાબા અને રમણમહર્ષિ જેવા સંત મહાત્માઓની ધ્યાન તેમજ જાગૃતિમાં મુલાકાત થયાનું તેમણે આત્મકથામાં નોંધ્યું છે. સાથે સાથે, જનજાગૃતિની પ્રવૃતિ પણ ચાલતી. ૧૯૬૨–૬૪ દરમિયાન 'ફૂલછાબ' પત્રમાં 'આતમનાં અજવાળા' અને 'જન્મભૂમિ'માં ૧૯૬૩ દરમિયાન 'પ્રકાશ અને પ્રેરણા' કોલમ ચલાવેલી. સમાજનો ઉત્થાન માટે તેમણે

૧૯૬૩થી પ્રવચન–પ્રવ્રજ્યા મસૂરીથી શરૂ કરેલી તે ૧૯૮૪ સુધી ચાલી. ભારતના વિવિધ પ્રદેશોમાં તેમણે પ્રવચનો આપ્યા પછી ૧૯૭૭ થી ૧૯૮૪ દરમિયાન ઈંગ્લેંડ, અમેરિકા, કેનેડા, દક્ષિણ આફ્રિકા વગેરે દેશોની મુલાકાત લીધી હતી અને સંખ્યાબંધ ધ્યાનકેન્દ્રો, શિબિરો, પરિસંવાદો તેમજ સત્સંગ કાર્યક્રમ દ્વારા ભારતીય સંસ્કૃતિ તથા આત્મકલ્યાણલક્ષી અધ્યાત્મનો પ્રસાર કર્યો હતો. તા. ૧૮ માર્ચ ૧૯૮૪ના રોજ મુંબઇના લક્ષ્મીનારાયણ મંદિરમાં શ્રીમદ્‌ભાગવત પર છેલ્લું પ્રવચન આપતાં 'જીવ શિવમાં ભળી જાય છે.' એ ઉદ્‌ગારો સાથે તેમણે પાર્થિવદેહનો ત્યાગ કર્યો.

યોગદર્શનના આરૂઢ વિદ્વાન પ.પૂ.યોગેશ્વરજીનો યોગ એ પ્રેમયોગ હતો. તેની પ્રતીતિ તેમણે ચલાવેલી જનકલ્યાણની પ્રવૃતિઓ છે. ૧૯૭૮માં તેઓશ્રીએ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ની સ્થાપના કરી. ૧૯૭૯માં તેમણે 'અધ્યાત્મ'માસિક શરૂ કરેલું તે આજે પણ ભાવનગરથી પ્રકાશિત થાય છે. તે અરસામાં પૂ.મા સર્વેશ્વરી તેમની આધ્યાત્મિક પ્રવૃતિમાં જોડાયાં હતાં. ૧૯૮૩ના ઓગષ્ટ માસમાં આ પરિવ્રાજક સાધુપુરુષે અમવાદમાં નાનકડું નિવાસસ્થાન 'સત્યપથ' પસંદ કર્યું. પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં 'પૂ. માતાજી જ્યોતિર્મયી સાધનાગૃહ' બાંધીને 'સ્વર્ગારોહણ'નામની સંસ્થા દ્વારા મહાત્મા યોગેશ્વરજીનું સત્સંગપ્રધાન જનકલ્યાણલક્ષી જીવનકાર્ય પ.પૂ.મા સર્વેશ્વરી આગળ ધપાવી રહ્યાં છે.



# વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા

મા સર્વેશ્વરી

બાળકો ફર્યા, ખરીદી કરી. અરે મા માટે પણ કેટલાક બાળકો ભેટ લાવ્યાં. પોતાની સમજ શક્તિ પ્રમાણે ખરીદી કરી છે મા માટે.

ચાર બાળકો ૯/૧૦/૧૧ વરસનાં છે.

૧. ઉમા–ડાયરી

૨. ભક્તિ–ચંપાના ફૂલમાં મીણબત્તી

૩. કૌશલ ફેઈથ/ટ્રૂથ/વીઝડમ–શબ્દ જેના ઉપર લખ્યા છે, તેવા સરસ નાના પથ્થરો.

૪. અચ્યૂત–બોલપેન/સફેદફૂલ

૫. ચિન્મય–હાઈસ્કૂલમાં ભણે છે. કમળના ફૂલ ને ફૂલદાની.

૬. રાધિકા–હાઈસ્કૂલ પૂરી કરી છે.–શરણની નિશ્ચિંતતા-ના લખાણની ફોટોફ્રેમ.

૭. પૂજા–હાઈસ્કૂલ પૂરી કરી છે.–અગરબત્તી.

૮. ગોપી–દેવદૂત–એંજલની મૂર્તિ.

૯. દયા કોલેજમાં છે–ફૂટપ્રીન્ટનો કાર્ડ.

૧૦. હેમાલી–કોલેજમાં છે–ફૂલવાળી બેગ/મીણબત્તી.

માએ બાળકોનો પ્રેમ છે, ભાવ છે, તો બધી ભેટ સ્વીકારી છે. હા. મા બધી જ વસ્તુ રાખે છે. સ્વીકારતી વખતે જ મનથી નક્કી જ હતું કે એક રાત રાખીશું. કાલે સમજાવીને સૌને પ્રસાદ તરીકે આપી દઈશું.

માએ સર્વ ભેટ માટે આભાર માની માઇક ઉપરથી જાહેર કરાવે છે.

જે જે બાળકો જે ભેટ લાવ્યા છે, તેમણે તેમણે તેવા થવું પડે.

ડાયરીઃ—લખવી પડે. ભણવું પડે.

ચંપાના ફૂલઃ—સુગંધીત થવું પડે.

મીણબત્તીઃ—પ્રકાશિત થવું પડે.

ફેઈથઃ—શ્રદ્ધા રાખવી પડે.

ટ્રૂથઃ—સત્ય બોલવું પડે.

વીઝડમ

સફેદફૂલ—પવિત્ર બનવું પડે.

કમળનાં ફૂલઃ—અલિપ્ત રહેવું પડે.

શરણનું લખાણઃ—શરણાગતિ સ્વીકારવી પડે.

અગરબત્તીઃ—સુગંધિત થવું પડે.

દેવદૂતઃ—દેવોના દૂત જેવા થવું પડે.

ફૂટપ્રીન્ટનો કાર્ડ—ભગવાન સાથે છે, તે યાદ રાખવું પડે.

બાળકોને આ બધી વાત અંગ્રેજીમાં સમજાવવામાં આવી છે. તે કાર્ય બે ક્ષીપ્રાએ કર્યું.

આજે માની નિત્યનોંધ પણ ભાઇ અનિલે ગુજરાતી અને અંગ્રેજીમાં વાંચી સંભળાવી છે.

એ નોંધ પછી હેમાલી/હિતેશ માની નોંધ ઉપર જ બોલ્યા છે.

આજે માર્ગમાં ફરી બસ ૧૫ મિનિટનો આરામ લેવા ઇચ્છતી હતી, પણ ૫ જ મિનિટમાં પાછી શક્તિસ્ફૂર્તિથી સંપન્ન થઇ ગઇ છે.



માર્ગમાં એક વીઝીટરસેન્ટરમાં બસને ખાસ ઊભી રાખી છે.

વીઝીટર સેન્ટર એટલે અહીંના આસપાસના વિસ્તારમાં શું જોવા જેવું છે, તેની બધી જ માહિતી મળે, વળી અહીં વોશરૂમ હોય, નાનકડા સ્ટોર જેવું પણ હોય. લગભગ દરેક શહેરના મુખ્ય માર્ગ ઉપર પ્રવેશતાં જ તે જોવા મળે છે.

અહીં સૌ અલ્પાહાર લે છે. બાળકો ફરી અહીં રમત રમે છે. વીઝીટર સેન્ટરની પણ સૌ મુલાકાત લે છે.

અહીં દરિયાની ખાડીમાં ભરતી આવે તે પાણીના ફોર્સનો ઉપયોગ કરી વીજળી ઉત્પન્ન કરે છે તેનું આખું દર્શન કરાવતાં યંત્રો મૂક્યાં છે.

એ દરેક ટી.વી.ના સ્ટેન્ડ ઉપર એક સૂત્ર લખ્યું છે. એનર્જી એવરીવેર.

શક્તિ સર્વત્ર છે. હા. આ વિજ્ઞાન પણ જાણે શક્તિ સ્વરૂપ પરમાત્માનો સ્વીકાર કરે છે અને એ સર્વત્ર છે એવું પણ જાહેર કરે છે.

પ્રકૃતિના તત્ત્વોમાં વિદ્યુતશક્તિ છે, તેને માનવ જાત યંત્ર દ્વારા ઉત્પન્ન કરીને અમે કરીએ છીએ એવો સિક્કો મારે છે.

ખરેખર તો પરમાત્માએ જ માનવમાત્ર માટે એ સુવિધા તૈયાર જ રાખી છે. પરમાત્મા જ માનવને બૌદ્ધિક પ્રતિભા આપે છે. હરિએ દીધેલી શક્તિથી હરિની જ શક્તિ શોધવાનું આ કાર્ય છે.

આજે બાળકો બસમાં જાણે સંકીર્તનથી મંદિર હોય એવું વાતાવરણ ઊભું થયું છે. બહેન નિશા પોતાના મધુર સુરીલા કંઠે નારાયણની ધૂન ગવડાવે છે.

જેમાં,

માતા નારાયણ, પિતાનારાયણ
ગુરૂ નારાયણ, નારાયણ નારાયણ
સૂર્ય નારાયણ, ચંદ્ર નારાયણ
પૃથ્વી નારાયણ, નારાયણ નારાયણ
મુઝમેં નારાયણ, તુઝમેં નારાયણ
સબમેં નારાયણ, નારાયણ નારાયણ.

આ મંત્રગાનથી બસની એકએક રગ જાણે ગાજી ઊઠે છે. છોટે મોટે બધા જ ખીલી ઉઠ્યા છે. મા પણ ઊભાં થયાં છે. સૌ ઉપર ચોકલેટની પ્રસાદ વર્ષા થઇ છે. આનંદ, પ્રસન્નતાથી જાણે આ બસ મંદિર જાણે કોઇ જન્મોત્સવ ઉજવતું હોય તેવા ઉલ્લાસથી ઉભરાઇ રહ્યું છે.

આજે ડ્રાઇવર રાતે સૌને કહેતો હતો માની કૃપા છે એવો અનુભવ થયો.

માએ દીવાદાંડી જવાની પોતે ના પાડી હતી. છતાં આજે પ્રસ્થાન સમયે માને પૂછ્યું આપે દીવાદાંડી જોઇ નથી તો બસ ત્યાં થઇને લેવી છે! મા ના પાડે છે. તો સારું થયું જો બસ ત્યાં જાત તો ત્યાં છેક નાનો રસ્તો છે. બસ વાળી પણ ના શકાય. સારું થયું માએ ના પાડી તો. નહીં તો ભારે મુશ્કેલી પડત.

ડ્રાઇવરભાઇ સરસ રીતે સૌની વાત સ્વીકારે છે. સત્સંગ પચાવે છે. અરે, શાકાહારી ભોજન લે છે.

આજે વીન્ઝરે આવતા પહેલાં માર્ગમાં ફાર્મના સ્ટોર ઉપર બસ ઊભી રાખી છે.

ત્યાં એક પંજાબીભાઇ માને મળે છે સૌના ગળામાં



રાષ્ટ્રધ્વજ, ટોપી ઉપર પણ ભારતીયધ્વજ જોઇને તે સામેથી વંદે છે.

માને નમસ્કાર. માતાજી, એવું બોલીને વંદી રહ્યા છે. કહે, દર્શન માટે જ આવ્યો છું.

માઃ— ગુરુવાણી સંભળાવો.

તે ભાઇ વિચારમાં પડી જાય છે. એટલે મા બીજો પ્રશ્ન પૂછે છે.

અમૃતસર કેટલીવાર જઇ આવ્યા?

તે ભાઇઃ—ઘણીવાર દર્શન કરવા ગયો છું.

માઃ—તો એકાદ ગુરુનાનકદેવની વાણી સંભળાવો.

તે ભાઇ હવે મૂંઝાયા છે.

મા યાદ કરાવે છે :

સુમિરન કર લે મેરે મના
બીતી જાતી ઉમર હરિનામ બિના.
કુપ નીર બિનુ, ધેનુ છીર બિનુ
ધરતી મેહ બિના.
જૈસે તરૂવર ફલ બિન હીના
તૈસે પ્રાણી હરિનામ બીના.

મા આટલી પંક્તિ તો યાદ કરાવી શક્યાં છે તે ભાઇ માત્ર પ્રથમ એક જ લીટી ગાઇ શક્યા.

મા એમને પ્રસાદ, પુસ્તક આપે છે.

આ ફાર્મના સ્ટોર ઉપર બસ ઊભી રાખવાની કોઇ સૂચના મળી ન હતી. છતાં જાણે ડ્રાઇવર પોતાની મેળે જ અહીં બસ લાવ્યા છે. ઊભી રાખી છે. ને ઉતરતાં જ આ પંજાબી ભાઇ

સૌના ગળામાં ધ્વજના ચિહ્નવાળા ઓળખપત્ર જોઇને જિજ્ઞાસાથી પાસે આવી પૂછે છે, તો શ્રી વિનોદભાઇ સાથે તે પ્રણામ કરવા આવ્યા છે.

પ્રભુની જ ઇચ્છા હશે તો અંગ્રેજી બુક ને પ્રસાદ તેને મળ્યાં છે. આ પ્રસાદ ઉપર એ ભાઇનું નામ લખ્યું હશે, એટલે માર્ગમાં એક મિનિટ માટે આવીને પોતાનો ભાગ લઇ ગયા.

ધરતીના અનાજના દરેક દાણા ઉપર નામ લખાયાં હોય છે, તે વાત સાચી ઠરી છે.

અરે, આ યાત્રા જ ક્યાં થવાની હતી? મા તો માત્ર ૧૫ દિવસ માટે જ કેનેડા આવ્યાં હતાં ને તરત જ ઓઝોના, સાન્ટાફે, એલ.એ. જવાની યોજના ઘણા દિવસથી વિચારેલી જ હતી.

પણ પૂજાબહેનની ઇચ્છાથી જાણે શ્રી હરિએ આ એક નવું પ્રકરણ યાત્રાનું ઉઘાડ્યું છે. તો શ્રી પ્રભુભાઇ જે જે નાસ્તો કે અનાજ લાવ્યા હતા કે પછી રંજનબહેન જે જે બાળકો માટે ખરીદી લાવ્યા હતાં તેના ઉપર જેનાં નામ લખાયેલાં હતાં તેની તેની પાસે જાણે એ અનાજે એ પ્રસાદે જવાનું ને તેને તૃપ્ત કરવાના. આ બધું જ પૂર્વયોજીત પ્રભુનું જ છે ને! જરાક ઉંડો વિચાર કરો તો સાથે જ પ્રભુની શક્તિનો, પ્રભુના આયોજનનો ઋણાનુબંધનો થોડોક ખ્યાલ આવશે.

આજે તો બહેન દયા(કોલેજીયન) કહે ''મા'' મારા અંગત ખર્ચ માટે મને મમ્મીએ જે વાપરવા આપેલા તે આપ સ્વીકારો ને ભારતમાં કોઇક ગરીબને આપજો.(૧૨૫ ડોલર)

માઃ—આટલા ના ચાલે.

દયાઃ—મા બીજાપણ ૧૦૦ છે.



માઃ—એટલા પણ ના ચાલે.

દયાઃ—મા ચેક છે ૧૦૦૦ સુધીનો લખી શકાય તે આપું પણ તમારે લેવો પડે.

માઃ—દયા પાસ થઇ ગઇ. તારી બચત વિશે વિચારીશું હમણાં નહીં.

કોલેજીયન દયાની સમજ અને ઉદારતા નોંધપાત્ર છે.

આવતી કાલે ગુરુપૂર્ણિમા છે. સૌને રાતની બેઠકમાં જાણ કરીશ કે દરેકે કોઇક નિયમ લેવાનો છે તો સૌએ નિયમ લખાવ્યા છે.

કેટલાક બાળકોના પ્રણામનાં નિયમો છે, તો તે રાતની બેઠક પછી જ હોલમાં પ્રણામ શરૂ કરી દીધા છે, આવતીકાલે બધા જ ફળદૂધ ઉપર રહેશે એ વાત પણ થઇ છે. હે હરિ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

માના સંકેત ઝીલી શકે એ મન ખૂબ વંદન કરવા જેવું છે. —મા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# પૂ.શ્રી માની સંનિધિ—સાગરનાં હરિરસમાં સ્નાન

ડો.બી.જે.જાગાણી

સત્કર્મોની વિવિધતા સાથે દિવસો પસાર થઇ રહ્યા છે. નાનાં બાળકોથી માંડી વૃદ્ધ વડીલો સહિત સૌ કોઇ સત્કર્મમાં પોતાનું યોગદાન દઇ રહ્યાં છે. સ્વર્ગારોહણ ને સત્કર્મો જાણે પર્યાય બની ગયા છે. પૂ.શ્રીમા પોતાની અદૃષ્ટ શક્તિથી સત્કર્મના આ યજ્ઞમાં વિવિધતા ને વિશેષતાથી સભર વ્યક્તિઓ સ્વર્ગારોહણમાં ઉતરી રહ્યાં છે, જીવન કંડારી રહ્યાં છે. અરે! સત્કર્મનું નિમિત્ત ઊભું કરી કરીને પોતાની સંનિધિ ધરી રહ્યાં છે. જીવન જીવવાની કલા સહજ રીતે શીખવી રહ્યાં છે. પંચમહાભૂતના દેહમાં વિરાજતાં દેહીની પૂજા કરતા શીખવી રહ્યાં છે. એ રીતે પૂ.શ્રીમાની આ જંગમ યુનિવર્સિટી છે. આખો દિવસ સત્કર્મ, સંનિધિ, સત્સંગ ને સત્યના સાકારરૂપ સાથેના મિલનમાં જ પસાર થયો. તો રાત્રે ભોજન પછી ૮.૩૦ કલાકે ૨૮ મી ડીસેમ્બર—૨૦૦૯ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમની બેઠક તો ખરી જ.

નિશાબહેન ખાસ ભારત પધાર્યા છે. આજે પાછાં જવાના છે. વિદાય થતાં પહેલાં સ્વર્ગારોહણમાં ભક્તોથી ભરેલાં હોલમાં તેઓ સુમધુર કંઠે ‘‘વૃંદાવન કી ગલી ગલી મેં ધૂમ મચી હે ભારી, બાર બાર શ્રી મૈયા હમકો સ્વર્ગારોહણ બુલાના’’ ધૂન ગાય છે. ભક્તો ભક્તિરસનું પાન કરી રહ્યા છે. પૂ.શ્રીમા આ રસપાન વચ્ચે પધારે અને સ્લેટ પર શ્રી હરિ લખે છે. ‘‘રહી જાઓ, હે નિશા દેવી. જવું ને આવવું એનાં કરતાં અહીં ઠરી



જાઓ. સરસ ભાવ(ધૂનમાં) વ્યક્ત કર્યો છે. આજે તો જવાનું છે. શરીરથી જવાનું છે. મનથી અહીં જ રહેવાનું છે. રક્ષિતા સ્વર્ગારોહણ વતી વિદાય આપશે. એટલે જવું તો પડશે. મા વિદાય નથી આપતાં.’’

નિશાબહેન ઊભા થાય છે. રક્ષિતા રક્ષમામ્‌ની શાલ નિશાબહેનને ઓઢાડે છે. પૂ.શ્રીમા સ્લેટ પર લખે છે. ‘‘દરરોજ નિશાબહેન ભારતનો રાષ્ટ્રધ્વજ જોશે અને કોમ્પ્યુટર પર ભારત આવવા બૂકિંગ શોધશે. વિદાય લેતાં પહેલાં બે વાક્ય બોલશે. નિશાબહેન પોતાના હૃદયમાં વહેતી ભાવનાઓ વહાવીને ભક્તોને ભીંજવી દે છે. વિદાય લે છે.

સાંસ્કૃતિક કાર્યક્રમ આગળ ચાલે છે અંબાજીની શાળામાં અભ્યાસ કરતી નાનકડી પૂજા સોની હવે મંચ પર આવે છે. છે નાનકડી પણ વાક્છટાની વિશેષતાથી ભરપૂર પૂજા સૌને પ્રવચનોથી, શેરથી, નૃત્યથી, રાષ્ટ્રભક્તિથી પ્રભાવિત કરે છે. પૂ.શ્રીમા પૂજા માટે સ્લેટ પર લખે છે.’’ આ બધા માને પૂછે છે કે પૂજાને આ બધું કોણ શીખવે છે?

પૂજાઃ—પપ્પા.

માઃ—તારી ઉંમર કેટલી છે?

પૂજાઃ—૧૦ વર્ષ.

માઃ—આ બધા કહે છે કે પૂજાને અમે અમારા ઘરે લઇ જઇએ. પ્લેઇનમાં લઇ જશે ને મુંબઇમાં ગાડીમાં ફેરવશે.

નાનકડી પૂજાને પૂ.શ્રીમા વહાલથી નવરાવી દે છે. હરિના હેતનો હાથ પૂજાના દેહ પર સંચરે છે. જાણે પંચમહાભૂતના શરીરને મા નવી શક્તિ, ભક્તિ, શ્રદ્ધા, પ્રેરણાથી ભરી દે છે. પૂજાને ક્યાં ખ્યાલ છે કે આ સંનિધિની મહાન વિભૂતિની છે.

એને તો એટલો ખ્યાલ છે કે આ મા છે. આ માની સંનિધિ છે ને તે શીતળતા આપે છે ને વ્હાલ કરે છે.

વિદેશથી આવેલાં બાળકો (પૂજા, પાર્થ, ગોપી, ગાર્ગી, હેમાલી, ઉજ્જ્વલ, તેજલ, અંકિત, નીમા) સત્સંગમાંથી સાચી સમજ મેળવવા માટેનું નાટક રજૂ કરે છે. પૂ.શ્રી યોગેશ્વરજી સાચી સમજ આપે છે. સત્સંગમાંથી જપ કરવાનું શીખ્યા હોઇએ પણ ગૃહસ્થીઓની બધી જ સગવડો સચવાય ને કોઇને નડતરરૂપ ના થવાય તે રીતે, તેવા સમયે જપ, પૂજા, માળા થાય તો ઘરમાં સંવાદિતા રહે ને ગૃહસ્થીના ઘરમાં સૂર મધૂર નીકળે.

બીજું નાટક ''વાલિયા લૂંટારામાંથી મહર્ષિ વાલ્મિકી'' રજૂ થયું. વિદેશના બાળકો (નીમા, હેમાલી, તેજલ, બિંદિયા) અને ભારતના બાળકો(કૃતિ, ગાયત્રી, દીપ્તીબહેન, પૂજા)એ નાટક રજૂ કર્યું. પોતાના કર્મફળ પોતે જ ભોગવવા પડે. એ આ નાટકનો બોધ હતો. પૂ.શ્રીમા નાટક જોઇને ખૂબ પ્રસન્ન થાય છે. પૂ.શ્રીમા તો પ્રેરણાના સ્નેહ સાગર છે. જે જે ભાવ ધરે તેને તેને મા પ્રેમે નવરાવે. નાટક ભજવનાર, નાટક તૈયાર કરનાર સૌ કોઇ એ સ્નેહ સાગરમાં સ્નાન કરે જ. પૂ.શ્રીમા હવે નાટકો તૈયાર કરાવનારને પ્રેરણા ને આશીર્વાદ ધરતાં સ્લેટ પર લખે છે. ''સંનિધિ પર્વની સ્મૃતિના આ સત્કર્મ પર્વના સાંજના સર્વકાર્યક્રમનો યશ કોને આપી શકાય? સ્વર્ગારોહણના નાનકડાં જયુબહેનને. જયુબહેન જન્મ્યા છે કર્પૂરવનમાં. શ્રી કાલીમંદિરના વંશવૃક્ષની એક ડાળીમાં એના પિતાજીનું પણ નામ છે. કાલીમંદિરના વંશમાં એનો જન્મ થયો છે. છે તો કોમ્પ્યુટર એંજિનિયર પણ દિવસે દિવસે નાટકો લખીને પૂ.શ્રીના પદોને એમાં જે રીતે ગૂંથી રહ્યાં છે એનાથી દરેક કૃતિ જીવંત



લાગે છે. જયુબહેને તો ૮ વર્ષની નાની ઉંમર હતી ત્યારથી એના પિતાજીનું છત્ર ગુમાવ્યું છે. આવી ઉચ્ચ ડીગ્રી ને સ્વતંત્ર જીવન જીવવાની તાલીમ અપરિણિત રહેવાની ઇચ્છાનું સન્માન. જયુબહેનના જીવન ઘડતરમાં માતા તરીકે શ્રી દમયંતીબહેનનો પણ ઘણો મોટો ફાળો છે. સ્વતંત્રતા છતાં શિસ્ત ને વિવેક, પવિત્રતા ને પ્રભુપરાયણતા. આ જયશ્રીના ઘડતરમાં માતા તરીકેનો ફાળો ધરનાર હે દમયંતીબહેન તમને ધન્યવાદ.''

''તા.૨૨ થી ૨૮ સુધીમાં ૭ દિવસથી એકધારા, દરરોજ નાટકો આપીને એક શિક્ષાગુરુનું કામ કર્યું છે. જયુબહેનની આ સેવાને આપણે ત્રણ મંત્રના ગાનથી વધાવીએ.(ભક્તો ૐ યોગેશ્વરાય નમઃના મંત્રનું ગાન કરે છે.)''

''બીજા છે બીજલબહેન. જયુની પાછળ પાછળ પાલવ પકડીને નહીં પણ સ્વતંત્ર રીતે નાટકમાં સહાયક થાય છે. બીજલબહેન જેવાં જ ભાવનાબહેન. અને એ સર્વના સહાયક પડદા પાછળ રહીને સતત દોડાદોડ કરતા શ્રી ગાયત્રીબહેન તથા બહેન પૂજા. આ બધા પાત્રો નાટકની સફળતાનો યશ લઇ જાય છે. એ સૌ ઊભા થાય ને પ્રસાદ લે. મંત્રથી આપણે સૌને વધાવીએ.''

''ભાવનાબેહન તો સાઉથ આફ્રિકામાં જન્મ્યાં છે. ને અમેરિકામાં રહે છે. પૂ.શ્રીના પ્રવચનમાંથી નાટક શોધી કાઢીને વિદેશમાં પણ સરસ રીતે નાટક ભજવે છે. સૌને ખૂબ અભિનંદન.''

પૂ.શ્રીમાનાં દરબારમાં વિદેશના પાત્રો—ભારતના પાત્રો ભેગાં મળીને ભક્તોને વિવિધતાથી સભર કરી દે છે. પૂ.શ્રીમા એ બધા પાત્રોની વિશેષતાને બહાર લાવીને સૌને વહેંચે છે. જેમ

ચોકલેટનો પ્રસાદ સૌને ગમે છે. તેમ આ બધી વિશેષતાનો પ્રસાદ ભલે અદશ્ય જગતનો હોય પણ સૌને ખૂબ ગમે છે. એ પ્રસાદથી ચિત્તમાં સત્સંગ ઉતરે છે, પચે છે ને જીવન પ્રેમાળ બને છે. પૂ.શ્રીમા એક નવા જ પાત્રને મંચ આપવા સ્લેટ પર લખે છે.

"આજે સવારે જેમ સ્મિતાબહેનને સાંભળ્યા એ રીતે શ્રી અરવિંદભાઇ પણ બોલશે. ઓસ્ટ્રેલિયામાં સ્થિર થયા. પહેલીવાર ભારત ને સ્વર્ગારોહણ આવ્યા. એ પણ કાલીમંદિરના એક સ્વજન છે. ગુજરાતી ભાષા ખાસ નથી આવડતી એટલે અંગ્રેજીમાં બોલશે." (શ્રી રાજુભાઇ અને શ્રી બિપીનભાઇ શ્રી અરવિંદભાઇને રક્ષમામ્‌ની શાલ ઓઢાડે છે.)

માઃ—સ્વર્ગારોહણ કેવું લાગ્યું!

અરવિંદભાઇઃ—ખૂબ સારું લાગ્યું. ઉષ્મા લાગી. ઘર લાગ્યું અહીં ભાવપૂર્ણ વાતાવરણ છે.

માઃ—ફરી આવજો. ભારત વિશે શી કલ્પના છે.

અરવિંદભાઇઃ—વાઇબ્રંટ દેશ છે. પરિવર્તન પામતો દેશ છે. ઘણું પરિવર્તન આવ્યું છે. રોડ, એરપોર્ટ, હોસ્પિટલો શહેરો આધુનિક બનવા લાગ્યા છે.

માઃ—ફરી ભારત આવવું ગમશે?

અરવિંદભાઇઃ—હા, ચોક્કસ.

માઃ—શ્રી અરવિંદભાઇ મોટાભાઇ બનીને બીજલના સ્વજન, આપ્તજન બનીને પડખે રહ્યાં, હૂંફ ધરી માટે હે અરવિંદભાઇ તમને ખૂબ ખૂબ અભિનંદન. માને તમે ક્યારે મળ્યા?

અરવિંદભાઇઃ—ત્રણ વર્ષ પહેલાં. અમારે ઘેર મા પધાર્યા ત્યારે. અમે ધન્ય થયા.



માઃ—બીજું કંઇ કહેવું છે. સ્મિતાબહેનના બાપુજી એટલે માના મોટાભાઇ. શ્રી વિઠ્ઠલભાઇની વિશેષતા તમને યાદ હોય તો કહો.

અરવિંદભાઇઃ—શ્રી વિઠ્ઠલભાઇ સાચા માણસ હતા. બધા જ પ્રકારની મદદ કરે. બાળકોને ખૂબ સ્નેહ ધરે. તેઓ રોટેરિયન હતાં. બહેરા—મૂંગા માટે ખૂબ સેવા કરેલી. અમીષ—અંજનનું ઘડતર પ્રેમથી કર્યું.

માઃ—તમારા પિતાજીનો પ્રસંગ કહો.

અરવિંદભાઇઃ—અમે ૭—૮ વર્ષના હતા. પિતા દુકાને હતા. સાંજે અમે પિતાને મદદ કરવા જતા. દુકાન પાસે ગલીમાં કોફી શોપ હતી. બાજુમાં જુગારનું મશીન હતું. એક પૈસો નાખ્યો તો ૧૦ પૈસા પાછા મળ્યા. પિતાજીને આ વાત કરી. તેઓ ચિડાયા. આવી રીતે પૈસા ના કમાવાય.

માઃ—કેવું ઉત્તમ પાયાનું ઘડતર પિતાજીનું મળ્યું. તો જીવનભર એમણે એ વાત યાદ રાખી. એમના માતા—પિતા ૧૯૮૧માં ડરબનમાં મળ્યાં હતાં. પૂ.શ્રીના પ્રવચનો સાંભળવા આવ્યાં હતાં. શ્રી અરવિંદભાઇ ઓસ્ટ્રેલિયાના આજના વાતાવરણ વિશે શું માને છે?

અરવિંદભાઇઃ—યુવાનોનો દેશ છે. મંદી નથી. બેંક સમૃદ્ધ છે. વેપાર મજબૂત છે. અર્થતંત્ર મજબૂત છે. ડોલર મજબૂત છે. મજૂરો કૌશલ્યવાન છે. નેતાઓ માને છે કે અર્થતંત્રના વિકાસમાં ભારતીયોનો ફાળો વિશેષ છે.

માઃ—શ્રી અરવિંદભાઇની એક વિશેષતા વંદન કરવા જેવી છે. સ્મિતાબહેનના માતાને ઓસ્ટ્રેલિયાનું હવામાન માફક આવે છે માટે તે સૌ સ્મિતાબહેનની સાથે જ રહે છે. શ્રી અરવિંદભાઇ

પણ શ્રવણ બનીને માતાનું જતન કરે છે. માટે સૌના વંદનના અધિકારી છે.

અરવિંદભાઇઃ—એ અમારી ફરજ છે.

માઃ—ધન્યવાદ.

આ સંવાદથી સૌને લાગ્યું કે ઓસ્ટ્રેલિયા જઇ આવ્યા ને વિદેશની ધરતી પર મૂલ્યો, સેવા, આદર્શ ગૃહસ્થાશ્રમના ખીલેલાં પુષ્પોની ખુશ્બુ ઘર આંગણે સામે ચાલીને પૂ.શ્રી માની સંનિધિમાં સ્વર્ગારોહણતીર્થમાં વાતાવરણમાં ભક્તો માટે જ પ્રસરી ગઇ. કહો કે પૂ.શ્રીમાએ જ પ્રસરાવી દીધી. આ બધા પાત્રો એક રીતે જોઇએ તો પૂ.શ્રીમાની આધ્યાત્મિક સરકારના એમ્બેસેડર જેવા લાગે છે. પ્રણામ એ વિભૂતિના ચરણે (માના ચરણે) જેણે આવાં આવાં પાત્રોને પોતાનાં અંકે રાખ્યા ને ભક્તોની વચ્ચે મંચ પર પધરાવ્યાં. પૂ.શ્રીમા હવે બીજલબહેનને પ્રેરે છે. બીજલબહેને પોતાના પિતાજીની માંદગીમાં પૂ.શ્રીમાના આશીર્વાદને કૃપાથી કેવી સહાયતા મળી તેનું ભાવસભર વર્ણન કર્યું. આ માટે પૂ.શ્રીમાએ પ્રાર્થના કરેલી. હે પ્રભુ! મંગલ કરજો. જે મંગલ હોય તે કરજો. હોસ્પિટલમાંથી રજા મળી. પિતાજી સાજા થયા. આ આખોય પ્રસંગ બીજલબહેન લખે સ્વરૂપે રજૂ કરે તો જ પૂ.શ્રીમાની કૃપાના વર્ણનને ન્યાય મળે. અહીં તો માત્ર પૂ.શ્રીમાની કૃપાની એક ઝલક જ મૂકી છે. પણ બીજલબહેન એટલું બોલી ગયાં કે ‘‘**સબસે ઊંચી માકી—સત્સંગ કી સગાઇ**’’. રાત્રીના ૧૨.૦૦ કલાક થયા. હરિએ થાક હર્યો છે સંસારનો ને સ્વર્ગનું સુખ ધર્યું છે. સત્સંગ, સંનિધિ, ભૌતિક ને આધ્યાત્મિક પ્રસાદ, પ્રેમરસની લ્હાણ, ભારતને વિદેશના પાત્રોનું મિલન. અરે! મા સાથેનું સૌનું મિલન ને દર્શન. કૃપાની



વર્ષામાં સ્નાનને અહમ્‌નું વિસર્જન. સ્વમાં સ્થાપન ને પરમના દર્શન. સગા સ્નેહીના ભૌતિક પટલથી દૂર પરમના દેશની જ યાત્રા ને પરમાનંદ. આ બધું જોનારા જોઇ ગયા. પામનારા પામી ગયાં. જાણનારા જાણી ગયા. નયનમાં મા, માની લીલાનું દર્શન, ભક્તોના મિલનના દર્શન, નાટકોના દૃશ્યોને કંડારી સૌ શ્રીમાના અંકે પોઢ્યા.

(ક્રમશઃ)

શ્રી હરિ માની સૂકલકડી કાયામાં પ્રવેશી ગયો, નજરે ન આવ્યો! માળા—શંખનાદ ન કર્યો. ચૂપ—ચાપ પેસી—પ્રસરી ગયો છે. પડાવ નાખ્યો છે. દેહમાં જાણે રોમ રોમમાં પથરાઇ ગયો છે. તેની પ્રતિચ્છબી બની રહેવામાં આનંદ.

—મા

સ્વામી રામદાસને કોઇએ પૂછ્યું કે બુદ્ધિથી પણ જો ઈશ્વર તત્ત્વનો પરિચય થઇ શકતો ન હોય તો ઈશ્વરે માણસને બુદ્ધિ આપી છે શું કરવા? જવાબમાં સ્વામીજીએ કહ્યું કે ઈશ્વરે માણસને બુદ્ધિ એટલા માટે આપી છે કે હું કશું જાણતો નથી. એટલું હું જાણું એટલા પૂરતો એ ડાહ્યો ખરો.

—સોક્રેટિસ

# પૂ. માની નિત્યનોંધ

મા સર્વેશ્વરી

**તા.૧૧/૧૨/૦૭ મહાબળેશ્વરથી**

આજે પ્રસ્થાન. દરેક સ્થાને ક્યાં કોઇ સ્થિર છે? ૧૫ દિવસે હવે તો સલામી ભરવી જ જોઇએ ને? વિશ્રામને નામે અહીં રહી ગયા તો હવે શ્રી હરિને લાગ્યું માને હવે પાછા યાત્રી જ બનાવીએ. યાત્રી મા શ્રી હરિને ખૂબ ગમતાં લાગે છે. તો જ સતત સતત યાત્રા લાંબી ને ટૂંકી, વિવિધ પ્રકારની યાત્રા શ્રી હરિ કરાવ્યા કરે છે.

આજની યાત્રાનું લક્ષ્ય છે પૂના. બસ પૂના જઇને વિશ્રામ. હા. સાથે શ્રી હરિ–

ગાંધીજી જ્યાં રહ્યા તે આગાખાન પેલેસ તથા શ્રી ઇન્દિરાદેવી દિલીપકુમાર રોયના સ્થાનનું દર્શન પણ થશે. તો જ મહાબળેશ્વર પણ તીર્થયાત્રાના એક ભાગરૂપે મનાશે.

વરદ હસ્ત ગાઇને યાત્રીઓ સાથે મા પ્રસ્થાન કરે છે. તે પહેલાં(આર્યા હોટલના આખા સ્ટાફને માનાં દર્શન કરવાં હતાં માટે) તે સૌને મા મળે છે. દરેકને પણ ૫૦ રૂપિયા ને પ્રસાદ આપવામાં આવે છે.

એક ગાડી મુંબઇથી આવી છે. તેમાં ૮ યાત્રી અને માની ગાડીમાં મા સાથે ૫ બેઠા છે.

બે કલાકમાં તો પૂના પહોંચી જઇશું એવી સૌની ગણત્રી હતી.

પણ આર્યામાંથી પ્રસ્થાન કરીને મહાબળેશ્વરના મંદિરે આ માની યાત્રા મંડળી પહોંચી છે. ૧૫ દિવસ સૌની રક્ષા કરી સૌને



આનંદ ધરનાર શ્રી મહાબળેશ્વરના મહાદેવના દર્શન તો કરવા જ જોઇએ ને? આભાર માનવાનો પણ છે.

પાંડવોએ આ મહાદેવની પ્રથમ પૂજા કરી હતી. પૂજારી એવી વાતો કરી રહ્યા હતા. સાર એ લઇ શકાય કે મંદિર અતિ પ્રાચીન છે.

અહીં શિવલિંગનો આકાર પ્રચલિત આકાર જેવો નથી.

સૌ શ્રદ્ધાથી નમે છે મા પણ નમ્યાં છે.

મહાબળેશ્વરના આ મંદિરમાં મા પ્રથમવાર દક્ષિણ ભારતની યાત્રામાં પૂ.શ્રી સાથે આવ્યાં હતાં. તેનું સુખદ સ્મરણ અહીં પ્રવેશતાં જ થયું. તે પછી ૧૯૯૫માં મહાબળેશ્વર આવ્યાં તેના સુખદ સ્મરણ સાથે આજે દર્શન કર્યા છે.

મહાબળેશ્વરના મંદિરે જવાનો માર્ગ સરળ, શાંત, રળિયામણો હતો. જાણે કોઇ ઉંડા જંગલમાં પ્રવેશતાં હોઇએ તેવું લાગે છે.

અહીં સાથેની ગાડી જે મુંબઇથી આવી છે તેના ચાલક ભાઇને પ્રસાદ અને ૧૦૦ રૂપિયા મા પ્રસાદમાં આપે છે.

મહાબળેશ્વરની વિદાય લેતાં પહેલાં ક્રીમ આઇસ્ક્રીમ વીથ સ્ટ્રોબેરી સૌ લે એવી માએ ઇચ્છા વ્યક્ત કરી છે. સૌને તે ખૂબ ભાવે છે. વળી મહાબળેશ્વરનો એ વિશેષ લોકપ્રિય છે તો સૌ લે છે. સૌની રસવૃત્તિ એ રીતે શાંત પણ કરવી જરૂરી હતી.

પૂનામાં આગાખાન મહેલ જોયો. મહેલમાં તો શું જોવાનું હોય? પણ અહીં ગાંધીજી, મહાદેવ દેસાઇ, કસ્તુરબા રહ્યાં હતાં એટલે એ સ્થાન મહત્ત્વનું છે.

મહેલ ઘણો મોટો. સાચે જ આગાખાને આવડી મોટી સખાવત જનસમાજને અર્પણ કરી. ઘણી મોટી ઉદારતા ગણાય.

બહાર વિશાળ બાગ છે. એ પણ સૌની જેમ સરસ છે. અંદર ચાર ઓરડામાં ગાંધીજીની તસ્વીરો, ચિત્રો, અંગ્રેજી અને હિન્દી લખાણ સાથે જોવા મળ્યાં.

જોતાં જોતાં તે સર્વ ચિત્રો કે ફોટાઓ કે તસ્વીરો દયાપાત્ર લાગતા હતી. હા, ભારે દુર્દશા હતી.

બધી જ તસ્વીરો જાણે શ્રી ગંગાજીમાં પધરાવી દેવા જેવી હતી. એક રીતે જાણે રાષ્ટ્રપિતા ગાંધીજીનું અપમાન થઇ રહ્યું હોય એવું માના અંતરને સતત ડંખતું હતું.

એક પણ ચિત્ર સ્વચ્છ ન હતું. ધૂળ ને ફાટી ગયેલા ફોટા, વરસાદના પાણીથી ભીના થઇ ગયેલા કેટલાક ફોટા તો સાવ રંગ ઉડી ગયેલા જાણે ફૂગ ચઢી ગઇ હોય તેવા હતા.

ગાઇડબહેન કહેતાં હતાં હવે એની વીડીયો લીધી છે એટલે ફરીથી એ બધા જ ફોટા ને લખાણ નવું મૂકવાનું છે.

વાત તો જો સાચી હશે તો સારી વાત છે. બાકી એ દુર્દશા ભારે હતી. વિદેશી મુલાકાતીઓ જો આવે તો કેવી છાપ લઇને જાય, એ વાત પણ માને કઠતી હતી.

જ્યારે એ સંગ્રહ સ્થાન તૈયાર થયું હશે ત્યારે પ્રાણ પૂરીને સન્માન સાથે થયું હશે. હવે વરસો વીતી ગયાં. તૈયાર કરનારા વિદાય થયા. ભક્તિભાવથી વધાવનારા વિદાય થયા. ગાંધીયુગ જ પૂરો થયો.

હવે, ગાંધીજીના આ સ્મૃતિચિહ્નોને જતનથી સંભાળના કોઇ ગાંધીભક્ત મળે તો બધું જ સચવાઇ જશે.

આગાખાન મહેલ સાચા અર્થમાં માને જગાડી ગયો છે. હા, આજે તો માની આંખ સારી રીતે ઉઘાડી ગયો છે. કેવી રીતે જગાડે તે આ પૃષ્ઠો જ કહેશે.



ગુજરાત અંબાજી ક્ષેત્રે સ્વર્ગારોહણતીર્થમાં યોગતીર્થ ભક્તિભાવ અને નિષ્ઠાથી સર્જ્યું છે. વરસો વીતી રહ્યાં છે. જતનથી સાચવવાના પ્રયત્નો તો થયા છે પણ ભયંકર તાપને લીધે સ્વરૂપો બગડવા માંડ્યાં છે.

વરસો પછી એ યોગતીર્થની દશા આ આગાખાનના ગાંધીપ્રદર્શન જેવી થશે તો ગુરુદેવનું સન્માન કે અપમાન? એ વિચારો માને જગાડી ગયા છે.

યોગતીર્થનું વિસર્જન કરી દેવું જોઇએ એવો પણ એક વિચાર જાગી ગયો છે. લાંબેગાળે મા ના હોય ત્યારે જેના હાથમાં સ્વર્ગારોહણનું સુકાન હશે તેને જો ભક્તિભાવ હશે તો જ તે સચવાશે નહીં તો આગાખાનના મહેલ જેવી જ દુર્દશા થશે.

આજે આખો વખત માને યોગતીર્થના ભવિષ્યની સહજ ચિંતા ઘેરી વળી છે. જો કે રાજુભાઇ જાની કે બિપીનભાઇ કે વિજયભાઇ જે સર્વમંગલ ટ્રસ્ટના સુકાની છે તે સંભાળશે. કદાચ મા ના હોય ત્યારે વધુ સારી રીતે પણ સંભાળશે એવી આશા તો છે જ. છતાં જાગવું જરૂરી છે.

સરોડા શ્રી ગુરુભગવંતની જન્મભૂમિના સ્થાનની પણ દુર્દશા જ છે. જો કે એ આપણા હાથમાં નથી, એટલે સંભાળનો એક પ્રશ્ન ઊભો જ છે.

યોગતીર્થ ૨૫ વર્ષ સુધી સુરક્ષિત રહે તો કદાચ કેટલાકની જાગૃતિનું, પ્રેરણાનું કેન્દ્રસ્થાન બની શકે. અને પછી ના જ સચવાય તો ઉત્તમ માર્ગ વિસર્જનનો વિચારી શકાય.

હે હરિ, આપના શ્રી ચરણે એ યોગતીર્થનો અર્ધ્ય ધરીને જાણે એક મોટી જવાબદારી—ફરજ થઇ જાય છે. આપ જ એને

યોગ્ય સંરક્ષક શોધીને સંભાળજો એવું કહેવું પણ એક અપરાધ છે.

હે પ્રભુ, અમારાથી થાય તેવા ઉત્તમ પ્રયત્ન કરીશું. આપ અમને સર્વ પ્રકારે સહાયક થજો. અને પછી આપને યોગ્ય લાગે ત્યારે વિસર્જન કરાવજો.

આગાખાન મહેલ જોઈ લીધો. ગાઈડબેન ખૂબ ભાવથી ખૂબ સારી રીતે સમજાવતાં હતાં. જાણે એ સ્મારકના સુપાત્ર માર્ગદર્શક હતાં.

ત્યાંથી ગાડી આગળ વધી યરવડા જેલ જ્યાં ગાંધીજીને રાખ્યા હતા તે સ્થાન બહારથી જ જોવાનું હતું. કારણ કે તે જેલ હજી ચાલુ છે. મુલાકાતીઓ માટે તે સ્થાન નથી.

ત્યાંથી આગળ વધ્યા તો 'સદ્‌ગુરુ' નામની એક મોટી દુકાન. શોરૂમ જેવી જાણીતી જોઈ. ખૂબ સરસ કલાત્મક ફ્રેમ, ટેબલ, મૂર્તિઓ, શો પીસ ખૂબ જ સરસ હતા. ૧૦ મિનિટમાં જોઈ લીધા.

અને ગાડી આગળ વધી. મોર્ડન કોલોની ઈન્દિરા નિલય. હરેકૃષ્ણ મંદિર આવીને ઊભી રહી.

સરસ, સ્વચ્છ, શાંત, પવિત્ર, સઘળું સુઘડ સ્મારક જોઈને મન પ્રસન્ન થઈ જાય.

બન્નેની સમાધિ ખૂબ સરસ, સ્વચ્છ હતી. પ્રવેશતાં જ જોયું તો આરતી થઈ રહી હતી. સમાધિ સ્થાનની આખી રચના કલાત્મક હતી.

અહીં એ સ્થાન ખૂબ ધ્યાનથી મા જુએ છે ને એક નવો જ વિચાર જાગી ગયો છે. શ્રી ગુરુભગવંતના શ્રી તનુની ભસ્મનો એક કુંભ સત્યપથમાંથી લઈને સ્વર્ગારોહણમાં આવું સરસ સ્થાન



કરીને પધરાવવો જોઈએ કુટિયાની સામે.

આજના બન્ને સ્મારકો એક રાષ્ટ્રીય સ્મારક અને એક અધ્યાત્મ આધ્યાત્મિક સ્મારક. બન્ને વિવિધ રીતે માને પોતાનો મૂક સંદેશ ધરી ગયાં છે.

આ પ્રસિદ્ધ અધ્યાત્મ વિભૂતિ દિલીપકુમાર રોય તથા ઈન્દિરાદેવી તેનું આ સ્થાન છે, તો એક સોસાયટીમાં બંગલા જેવું જ. પણ ખૂબ સ્વચ્છ છે.

બધી જ સ્મૃતિની પ્રસાદી પણ સરસ રીતે ગોઠવેલી હતી.

આરતી પછી પણ સૌ મૌન રહી મંદિરમાં બેઠા હતા. ભગવાન શ્રી કૃષ્ણની સરસ નાનકડી પ્રતિમા છે. ૫૦ ભક્તો બેસી શકે એવો નાનકડો હોલ છે. હોલની બહાર સમાધિસ્થાન છે.

આ સ્થાનના સૂત્રધાર શ્રી શંકરભાઈ મળ્યા છે. માને પ્રણામ કરી આશીર્વાદ માગ્યા છે. મા આપના જેવી ધ્યેય પ્રતિ એકનિષ્ઠા આપો. ફરી આ સ્થાનમાં પધારજો.

અને ગાડી આગળ વધી છે. અહીં સાગરની હોટલમાં આખી મંડળીએ વિશ્રામ લીધો છે.

માનો નિર્જળા રાતે પૂર્ણ થયો છે. શ્રી નિર્મલે માના ફળાહારની સેવા ઉપાડી લીધી છે.

આજે શીતલ–સુનીતાને બે વાર ફોન થયા છે. ૩ કલાકની સર્જરી હતી. આશીર્વાદ અને શુભેચ્છા ફોનથી પહોંચાડ્યા છે.

સુનીતા કહે છે ડર નથી લાગતો. મા મારી સાથે જ છે. આ નવા ઘરમાં પણ સતત એવું લાગે કે મા અહીં જ છે.

જ્યાં જ્યાં જરૂરી ત્યાં ત્યાં ફોનથી શુભેચ્છા પહોંચાડવી પણ એક સાધનાક્ષેત્રે ફરજ છે એવું મા માને છે.

રક્ષમામ્‌ની ધૂન પણ મહાબળેશ્વરમાં આગલા દિવસે ખાસ સુનીતા માટે કરાવી છે.

બેન નીલા કહે, ‘‘મા મારી મોટીબેન સુનીતાબેનની સર્જરી છે. તો મારે આપ જે કહો તે કરવું છે.’’

મા તેને ૩૫ માળા, ૩૫ પ્રણામ અને રક્ષમામ્‌ની ધૂન ગાતા રહેવાની સૂચના આપે છે. તો વળી, મા શ્રી નિર્મલને પણ નિયમ આપે છે. પરિવારના એક સભ્યને અધ્યાત્મ શુભેચ્છા સૌ કોઇ આપે. એ પણ જરૂરી જ છેને?

હે હરિ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(ક્રમશઃ)

જ્ઞાન ગ્રંથો કરતાં અનુભવીના જીવન પ્રસંગો વાંચવા જેથી પ્રેરણા મળતી રહે. —મા
ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૧



# ચમત્કારો આજે પણ બને છે

**શ્રી દિલીપકુમાર રાય**

## ભયાનક ધરતીકંપ : સતી બચી ગઈ!

પંદર વરસની વયે સતીએ મેટ્રિકની પરીક્ષા પાસ કરી. પંદર હજાર છોકરા–છોકરીઓમાં એ ચોથા નંબરે આવી! એની બુદ્ધિ શક્તિની વાત સ્વીકારવી પડશે.

પરીક્ષાનું પરિણામ બહાર પડ્યું ત્યારે એ ગૌહત્તી પિતાની પાસે હતી. મેં જ તાર કરીને એને પરિણામની ખબર આપી. જવાબમાં એણે એક લાંબો કાગળ લખ્યો. તેમાં શરુઆતમાં પાસ થયાનો આનંદ વ્યક્ત કરીને એણે ફરી એની પેલી જૂની પ્રશ્નપરંપરા શરુ કરી : ‘ભગવાનની પાસે પહોંચવું હોય તો શું કરવું જોઇએ? ગુરુ ન કરીએ તો શું રસ્તો રમણભમણ થઇ જાય? પથનો વિપથ થઇ જાય? એવું કદી બને ખરું? જે ભગવાનને મળવા માગે છે તે સીધે સીધું એમને કેમ ન મળી શકે? વળી શાસ્ત્રની બધી વાતો તો મનાય એવી નથી! એક યુગમાં શાસ્ત્રે એક વાત કહી છે, ને બીજા યુગમાં બીજી વાત કહી છે—એવું તમે જ કહેતા હતા. મામાબાબુ! મારો પ્રશ્ન એ છે કે આ યુગમાં ભગવાનને પામવા માટે શું કરવું જોઇએ? નહિ, પ્રશ્ન હજી વધારે પેચીદો છે. મારા જેવું મન છે જે છોકરીનું, એણે શું કરવું જોઇએ?’

હું ગોઠવીને જવાબ લખવા બેઠો હતો, એવામાં ભયાનક સમાચાર આવ્યા : ગૌહત્તીમાં ધરતીકંપ થયો છે! છાપામાં વાંચ્યું કે આવો ધરતીકંપ આસામમાં અગાઉ કદી થયો નથી. કેટલાયે

માણસો મરણ પામ્યા છે, કેટલાંય મકાનો જમીનદોસ્ત થઈ ગયાં છે!

પહેલો જ મને સતીનો વિચાર આવ્યો—એ જીવતી હશે? હું દોડતો કાલિપદ બાબુને ઘેર ગયો—તેમને ત્યાંથી જરૂર મને કંઈ સમાચાર મળશે. પણ ઘરમાં પેસતાં જ મેં સ્ત્રીઓનું આક્રંદ સાંભળ્યું. નોકરને ઘરમાં મોકલી પૂછાવ્યું તો ભાભી બહાર આવ્યાં, પણ કંઈ જ બોલી શક્યાં નહિ. તેમની આંખોમાંથી આંસુ પડતાં હતાં. રડતાં રડતાં તેમણે કહ્યું કે સતીના ઘરમાં કોઈ બચ્યું નથી—એકલી સતી બચી ગઈ છે! એનાં બા, બાપા, સગાંવહાલાં, ઘરમાં જે કોઈ હતાં તે બધાંયે મરી ગયાં છે. હમણાં જ તાર આવ્યો. ત્યાંના મેજિસ્ટ્રેટ અરુણ સાન્યાલે તાર કરેલો છે. અરુણનું ઘર પણ ધસી પડ્યું છે, છતાં હજી ઊભું છે. સતી અને બીજા ઘણા લોકોએ ત્યાં આશ્રમ લીધો છે.

એટલામાં કાલિપદ આવ્યો. એણે કહ્યું કે મારું માથું ભમે છે. બોલતાં બોલતાં એ જમીન પર ઢગલો થઈને પડી ગયો. હું તરત દાક્તરને બોલાવવા દોડ્યો. દાક્તરે આવી તપાસ કરી કહ્યું : ‘બીવા જેવું નથી, પણ આરામ લેવો પડશે!’

હવે ભાભીએ મને આજીજી કરી : ‘ભાઈ, હવે તમારા જ પર મારો આધાર છે—આજ ને આજ સતીને તેડવા જાઓ!’

ટ્રેનમાં ભીડનો પાર નથી! કેટલાંયે રોકકળ કરે છે! કોઈનાં માબાપ મરી ગયાં છે, તો કોઈનાં સ્ત્રીપુત્ર, કોઈનાં ભાઈબહેન—એ દુઃખનું વર્ણન થાય તેમ નથી, ડબામાં જગા મળવી મુશ્કેલ! જેમ તેમ કરી એક ડબામાં પેઠો ને એક ખૂણામાં ભરાઈ બેઠો. મન વિષાદથી ભરાઈ ગયું હતું. તોયે મનમાં એટલો દિલાસો હતો કે સતી બચી ગઈ હતી! ભગવાનને મેં મનમાં મનમાં પ્રણામ કર્યાં.



પાંડુઘાટે પહોંચી સ્ટીમરમાં નદી પાર કરી હું ગૌહત્તી પહોંચ્યો, જોઈને સ્તબ્ધ થઈ ગયો. આ પહેલા નાનામોટા ધરતીકંપો મેં જોયા હતા, પરંતુ નટરાજના તાંડવ નૃત્યના આવા સ્વરૂપની તો હું કદી કલ્પના પણ કરી શક્યો નહોતો. ચારે તરફ ખાડા પડી ગયા હતા, ઠેકઠેકાણે જમીનનો અંદરથી કાળું પાણી નીકળીને તળાવ જેવું બની ગયું હતું. અહીં તહીં ધૂળ ભીની હતી, રસ્તાઓ પર ગાડી ચાલી શકે તેમ નહોતું. એક પણ પુલ સલામત ઊભો નહોતો, ચારે તરફ ધસી પડેલાં મકાનોના ઢગલા હતા! જાણે કોઈ વિરાટ દૈત્યે મહાકાય ઘણ ઝીંકીને મકાનોનો ભાંગી ટીપીને ભંગાર કરી નાખ્યો હોય એવું લાગતું હતું! બે બાજુએ લશ્કર અને પોલીસનાં માણસો ઢગલા ખસેડી મરેલાં ગાય—વાછરડાં, ચગદાઈને રોટલો થઈ ગયેલાં કે અધમૂઆં, કે અપંગ બનેલાં સ્ત્રી—પુરુષો ને બાળકોને બહાર કાઢતા હતા. આંખે ના જોયું હોય તો આની કલ્પના પણ ન થઈ શકે એવું કમકમાટી ભરેલું ને દિલ ધડકાવનારું આ દૃશ્ય હતું. બે દિવસ પહેલાં તો અહીં ફક્કડ બગીચો હતો; છોકરા—છોકરીઓ અહીં કિલ્લોલ કરી રમતાં હતાં, વટેમાર્ગુ નિશ્ચિત મને ગાતો ગાતો જતો હતો, હાલરડાં સાંભળતાં સાંભળતાં બાળકો માના ખોળામાં ઊંઘી ગયાં હતાં—આનંદમાં ટહુકતી હતી આ સુંદર નગરી!

મેજિસ્ટ્રેટ અરુણ સાન્યાલ મજાનો યુવાન હતો! મારો તેણે વહાલથી સત્કાર કર્યો. એનું ઘર કોણ જાણે કેવી રીતે બચી ગયું હતું! સતી મને વળગી પડી છે. જે રડી પડી છે : ‘બાપા નથી! મા નથી! મામાબાબુ! હવે મારું કોઈ નથી—તમારા સિવાય!’

# જીવનપરિવર્તનની અદ્‌ભુત કથા

**સંકલન : અધ્યાત્મ પ્રેમી**

મહાપુરુષોના જીવનમાં આપણે વાંચ્યું તો હોય છે કે, તેમની એક દૃષ્ટિ સહેજ સ્પર્શ, બે એક બોલ, માનવીમાં ધરમૂળથી પરિવર્તન લાવી શકે છે. નારદજીના સહજ સત્સંગથી વાલિયો લૂંટારો વાલ્મિકી ઋષિ બની ગયાં અને ગૌતમ બુદ્ધના ક્ષણિક સત્સંગથી ખૂંખાર અંગુલિમાલ લૂંટારાની કાયા પલટ થઈ. તે રીતે સતિ તોરલના સત્સંગથી ભયંકર લૂંટારો જેસલ જાડેજા જેસલપીરકહેવાઇ ગયો. સમાજ સુધારકો જે વર્ષોની જહેમતથી ન કરી શકે, તે સંતો સહજમાં કરી શકે છે. એટલે જ આપણા ભજનિકો હંમેશાં જડમૂર્તિ અને પોથી પૂરાણને છોડી જાગતા જીવંત સંતને સેવવાનું કહે છે. કોઇ જાતના દેખાવ કે આયાસ વિના આવા સંતો બીજાનો દીવો બહુ સહજ રીતે ચેતાવતા જાય છે.

યોગી હરનાથે ચેતાવેલો આવો એક દીવો યોગી હરનાથે પેટાવ્યો તેની વાત સ્વ.શ્રી મકરંદ દવેએ યોગી હરનાથના સાંન્નિધ્યમાં નામના પુસ્તકમાં લખી છે, જે એક સત્ય ઘટના છે. આપણે એ ભાઇને રામલાલ કહીશું. યોગી હરનાથને એ મળવા આવેલા ત્યારે પ્રથમ મેં એમને જોયા. કોઇની પણ શેહમાં ન દબાય એવો આદમી. બોલવામાં સાવ બાખડ. નમ્રતાને તો નવ ગજથી નમસ્કાર કરેલા. પણ એનું અંતર ભેદાઇ ગયું છે એ તો એની આંખોની ભીનાશ જોતાં જણાઇ આવે. મને કહે, ‘તમારે તો સાત પેઢીએ પણ ઈશ્વર સાથે સ્નાન—સૂતક હશે, પણ મારે ને



એને કોઇ વાત જ લેવાદેવા નહિ. પરંતુ આજે એક માત્ર ઈશ્વર વિના બીજું કાંઇ હું ભાળતો નથી. કેવી સાદી ભાષામાં તેણે ‘યો માં પશ્યતિ સર્વત્ર’ ની અનુભૂતિ કહી દીધી.’

યોગી હરનાથને આ માણસ પ્રત્યે અસાધારણ લાગણી હોય એમ લાગ્યું. રામલાલ તાતા તીર જેવા પ્રશ્નો છોડે અને યોગી હરનાથ પલાંઠી વાળીને બેઠા હોય તે માથું જરા નમાવી હસીને ઉત્તર આપે. કોઇ વાર તો માત્ર આંખ અને હાથના હલનચલનથી જ વાતો થાય. છેવટે રામલાલ પૂછે ‘ત્યારે વાત અંકેને?’ યોગી હા ભણે એટલે વાત પાકી કરીને રામલાલ રવાના થાય.

રામલાલ સત્સંગ કરે છે એ જાણીને જ એને ઓળખનારા તો આશ્ચર્યમાં પડી જાય. એનો પહેરવેશ જોઇને પણ આ પહેલાનો રામલાલ જ નહિ એમ બોલી ઊઠે. રામલાલ એટલે દારૂ, પરમાટી, જુગાર, દુરાચાર અને મારામારી. રામલાલ ગામની એક ભભકાદાર હોટલ ચલાવતો. અચ્છા પીણા પીતાં પીતાં નવી નવી રેકર્ડો સાંભળનારાઓ ત્યાં જોવા મળે. રામલાલનાં રેશમી કપડાં અને અત્તરનો શોખ જાણીતો. કમાણી ઘણી સારી પણ ઉડાવવામાંયે કમી નહિ. આ દુનિયામાં સુખના સોબતીઓનો ક્યાં તોટો છે? રામલાલની આસપાસ પણ આવું મંડળ જામ્યું હતું. મેલી જિંદગીના કાદવ—કીચડમાં એ ગળાડૂબ પડી ગયો હતો.

એક વાર રસ્તામાં અચાનક યોગી હરનાથે એને જોયો. હરનાથ જેવા વૈરાગી સામે તો રામલાલ નજર પણ શા માટે માંડે? યોગી હરનાથે એને જોઇને કહ્યું હતું.

‘ના, માણસ સંત છે. એક જ ગ્રંથિ છે. ભેદાશે એટલે

ભગવાનને પામી જશે.'

યોગીની સાથે ચાલતા માણસો રામલાલને ઓળખતા હતા. યોગીના વચન પર વિશ્વાસ રાખનારને પણ હાંસી કરવાનું મન થાય એવી આ વાત હતી. એક વાર એને નાતબહાર મૂકવાની હિલચાલ થઇ તો નાતપટેલને જ છરીની અણીએ રામલાલે દારૂ પાવા પ્રયત્ન કર્યો હતો. નાતપટેલ હાથે પગે લાગી માંડ છૂટ્યો. રામલાલનું કોણ નામ લે? પરંતુ રામલાલના પત્નીને કોઇએ મજાકમાં આ સંતપણાનો ટોણો માર્યો હશે. એને તો આ મજાકમાંથી પણ જાણે મુક્તિનો માર્ગ લાધ્યો. યોગી હરનાથને એ મળવા આવી. એને જોઇને જ યોગીનું કરુણાર્દ્ર હૃદય પીગળી ગયું. યોગીએ માતાના વાત્સલ્યથી કહ્યું : 'બહેન! તું બહુ ભાગ્યશાળી છો. ચિંતા બિલકુલ ન કર. તારો પતિ વીર સંત છે. મારી પાસે એને કોઇ વાર મોકલજે. શિવગુરુ સહાય કરશે.'

રામલાલની પત્નીમાં હતાશ નેત્રોમાં નવી ચમક આવી ગઇ. રામલાલ કોઇ કાળે સુધરે એવી તેને સ્વપ્નમાંયે આશા નહોતી. યોગીનાં વચનો એને હિંમત આપી ગયાં. ફક્ત એક જ વાર યોગી હરનાથને મળી આવવા તેણે પતિને કહ્યા કર્યું. છેવટે કંટાળીને પણ રામલાલે એ કબૂલ કર્યું.

યોગી હરનાથને મળવા રામલાલ આવ્યો. પણ દારૂમાં ચકચૂર. સામે આવીને અક્કડ થઇને બેઠો. એનો સીનો જોઇને જ બીજા ડરી ગયા. યોગીએ પ્રસન્ન વદને આવકાર આપ્યો. પછી એની આંખો સાથે આંખ મિલાવતા કહ્યું :

'જો, રામલાલ! આપણે એક શરત કરીએ. તારે જોઇતી ચીજ હું તને આપું તો મારે જોઇતી ચીજ તું મને આપીશ?'

ન કોઇ ઉપદેશ, ન કોઇ જ્ઞાનચર્ચા! એવી તો શી વાત



હતી? યોગીએ ફરી કહ્યું : તારી મનોકામના શિવગુરુ પૂરી કરશે. મારી ઇચ્છા તું પૂરી કર; તું મારો શિવગુરુ.

આમ કહીને યોગી હસી પડ્યા. રામલાલે પહેલાં તો આંખો ફાડી, અવાક બની જોઇ જ રહ્યો. પછી એ પણ હસી પડ્યો. એક મરદ માણસને બીજા મરદને ઓળખતા વાર નથી લાગતી. પોતાના અંતરમાં અણપૂરી રહેલી મનોકામના રામલાલ તો જાણતો જ હશે. તેણે કહ્યું.

'બાવાજી, હું રામલાલ છું હોં! મારી ઇચ્છા પૂરી નહિ થાય તો તમારી શી વલે થાશે એની ખબર છે?'

'પ્યારે! જોગીને વળી ડર કેવો? તારી ઇચ્છા પ્રમાણે મારું જે કરવું હોય તે કરજે. પણ શિવગુરુ તારા પર પ્રસન્ન છે. તું તો એનો ગણ છોને! શિવ...શિવ નામ લે! ભોલાબાબા તને નહિ ભૂલે.' રામલાલે કદાચ જીવનમાં પહેલી જ વાર નિર્ભય તેજ જોયું. યોગીને એ પગે પડ્યો. યોગીએ માથે હાથ મૂક્યો. અને ત્યાર પછી રામલાલમાં અણધાર્યો ફેરફાર થવા માંડ્યો. એના હોઠ પર શિવનું નામ રમવા લાગ્યું. જૂની મંડળી તૂટતી ગઇ. હોટલનો ભભકો ઓછો થઇ ગયો. રામલાલ હજી દારૂ પીતો, કોઇ વાર ખૂબ ઢીંચતો. પણ દારૂ પાછળ જે પ્યાસની ઘેલછા હતી તે ઊતરી ગઇ. રામલાલની પત્ની વચ્ચે વચ્ચે યોગીનાં દર્શન કરી જતી. રામલાલમાં થતા ફેરફારના શુભ સમાચાર આપી જતી. જેની ડાબી રાતનું કોઇ દિવસ સવાર નહિ જ પડે એમ લાગતું એ સ્ત્રીના ચહેરા પર આવતા સૂર્યોદયની આભા રમવા લાગી. યોગી વત્સલ માતાની જેમ એને સાંત્વન આપતા.

અને એક દિવસ રામલાલના સંપૂર્ણ રૂપાંતરની ઘડી આવી પહોંચી. તે દિવસે યોગીના ખોળામાં માથું મૂકી રામલાલ નાના

બાળકની જેમ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો. યોગીએ વાંસે હાથ ફેરવી હસતાં હસતાં કહ્યું :

'અરે, પગલે! આજે તો તારો નવો જ જન્મ. તારે ઘેર શિવગુરુએ ફક્ત પારણું જ નથી બંધાવ્યું, તને પિતાના હેતના પારણામાં ઝુલાવવાનું શરૂ કર્યું છે. આ નવે અવતારે એના નામને ઉજાળી દે બચ્ચા.'

ત્યારે સહુને ખબર પડી કે રામલાલના અંતરમાં ઊંડે ઊંડે સંતાન ન હોવાનું શલ્ય હતું અને એને ભૂલવા કે કાઢી નાખવા તે ગાંડા ઘોડાની જેમ બેફામ વર્તતો હતો. યોગી હરનાથ કોઇ અકળ શક્તિથી આ પામી ગયા. રામલાલનો કાંટો નીકળી ગયો, એની કસર ટળી ગઇ, એ જ દિવસે તેણે બધા દુરાચાર છોડી દીધા, એટલું જ નહિ પણ ઘીકતી કમાણી આપતી હોટલ પણ બંધ કરી દીધી. રેશમી વાઘા ઉતારી નાખ્યા. પૈસા ખેરાતમાં (દાનમાં) આપી દીધા. પછી યોગી હરનાથને પૂછ્યું :

'મારગ બતાવો, હવે શું કરું?'

'જાતે કડિયો છો ને?'

'જી, હા.'

'તો જાઓ, પથ્થર ઘડી, મજૂરી કરી, પરસેવાની કમાણી ખાજો ને શિવનું નામ લો.'

અને આજ વાત એ બની કે રામલાલ જેવો રંગીલો ને કરાફાડ માણસ ભલે કુહાડો ઉપાડી પથ્થરખાણમાં કામ કરવા લાગી ગયો. બીજા કડિયાની જેમ જ પોતે પથ્થર ઘડે. સખત પરિશ્રમ કરે. અને પરસેવો નિતારી હકની રોજી રાખે. રામલાલ જેવો માણસ કોઇ વાતે મોળું તો રાખે નહિ. સંતોષ અને ત્યાગની વાટે પણ એણે પોતાની તાકાત બનાવી આપી. પત્નીને



કહે :

'આપણે ઘરમાં આખાં અઢી જણ. આપણે જોઇએ કેટલું? આ બધા લબાચા બાંધી રાખવાની શી જરૂર? કોઇ જરૂરતવાળાને આપી દઇએ તો?'

અને બન્નેએ હસીખુશીથી ઘરનું તમામ રાચરચીલું ને વધારાનો સામાન લૂંટાવી દીધો; જમવા માટે પણ ત્રણ થાળી ને ત્રણ વાટકા જ રાખ્યા. એક પાટ પર બેસી રામલાલ રામાયણ વાંચે, પત્ની સાંભળે અને એના ખોળામાં ઘુઘવાટા કરતો શિશુ બન્ને સામે વારાફરતી જોઇ રહે. કઇ અકળ અને અમોઘ શક્તિથી સંતો જીવનનું રૂપાંતર કરે છે એની ખબર નથી પડતી, પણ એ થાય છે ત્યારે આ જન્મે જ માનવીનો નવો અવતાર થાય છે.

(આ પ્રસંગ સ્વ.શ્રી મકરંદ દવે રચિત 'યોગી હરનાથના સાન્નિધ્યમાં' પુસ્તિકામાંથી લીધેલ છે. કૌંસમાં લખેલ મારું પોતાનું છે. તેથી તેમાં કાંઇ ક્ષતિ હોય તો તે મારી હશે લેખકની નહિ.)

સમર્પણ પંચોતેર ટકા હોય તો પચ્ચીસ ટકા પ્રભુ ગ્રેસના આપે. —મા

ઈશ્વરની સહાય વિના સમર્થનું ડહાપણ નકામું છે.
**—સોક્રેટિસ**

# રસેશ્વરી

(ગતાંકથી આગળ) **શ્રીયોગેશ્વરજી**

'વૃંદાવનમાં?'

'હા. વૃંદાવનમાં એના મામા રહે છે એમને ત્યાં રહેશે. એ હવે તારાથી દૂર રહેવાનું નથી ઈચ્છતી.'

'અને હું પણ તારાથી દૂર રહેવા નથી ઈચ્છતો, રાધા! ચંદ્ર અને આ સુંદર શુક્રતારિકા જેમ સાથે રહે છે તેમ આપણે સદા સાથે જ રહીએ એવું ઈચ્છું છું. જો કે સાથે રહેવાનું ના રહેવાનું માનવની ઈચ્છા પર આધારિત નથીઃ કોઈ સર્વોપરી શક્તિ એના સમસ્ત જીવન પર શાસન કરે છેઃ તો પણ ઈચ્છા કરવાનો, અપેક્ષા રાખવાનો ને યોજનાઓ ઘડવાનો માનવનો સ્વભાવ છે.'

કૃષ્ણ થોડોક સમય શાંત રહીને બોલ્યાઃ

'તે મને ચંદ્રની વાત કહી બતાવી, રાધા! પરંતુ તે વાત મારા સંબંધમાં પણ સાચી ઠરે છે. આ પૂનમના પૂર્ણ ચંદ્રના પ્રાકટ્યની પેઠે તારા પ્રેમનું પ્રાકટ્ય પણ મારા આજ સુધીના જીવનમાં આનંદદાયક થયું છે અને આશીર્વાદરૂપ બન્યું છે. તારી પ્રાપ્તિ મારા જીવનની મહામૂલ્યવાન નિધિની પ્રાપ્તિ છે. એને મેળવીને હું ખરેખર ધન્ય બન્યો છું. તારા સુંદર સ્નેહકિરણોથી મારું સઘળું સુશોભિત ને સાર્થક થયું છે, રાધા! તારા મળવાથી મને જે મળ્યું છે તેનું વર્ણન કેવી રીતે કરી બતાવું? કમળના આ કમલનીય દલની પેઠે તારા સ્નેહે મારા હૃદયદલને પુલકિત કરીને ખોલી નાખ્યા છે. તારા સ્નેહને નહિ ભૂલી શકું, રાધા! તારા અસાધારણ સૌંદર્યને નહિ ભૂલી શકું. તું



ગમે તેટલી દૂર હોઈશ તોપણ મારું મન તો તારી પાસે જ રમ્યા કરશે. મારા હૃદયમાં તો તું જ રહેશે. પ્રેમના પવિત્ર પ્રદેશમાં થયેલું જીવનમાંગલ્યના મંદિરનું નિર્માણ અચળ અને અમર રહેશે.'

રાધા અને કૃષ્ણ બન્ને એકમેકની તરફ જોઈ રહ્યાં.

સુપ્રિયા પણ પ્રેમપૂર્વક જોઈ રહી ને બોલીઃ

'અઘાસૂર, બકાસૂર, તૃણાવર્ત તથા પૂતના જેવા રાક્ષસ—રાક્ષસીઓનો સંહાર કરનાર કૃષ્ણ આટલા બધા કોમળ હૃદયનો છે એની કલ્પના પણ આવવી મુશ્કેલ છે. એમનામાં એટલો બધો પવિત્ર ને પ્રખર પ્રેમ છે એનું અનુમાન થવું પણ અસંભવ છે.'

કૃષ્ણે કહ્યું :

'જે વખતે જે કર્તવ્ય હોય છે એ અનુસાર ભાવનાને રાખીને અભિનય કરવો રહે છે. સંપૂર્ણ ને સફળ જીવનનું રહસ્ય એમાં જ છે—કર્મના અનુષ્ઠાનની એવી કુશળતામાં, પૂતના અને અઘાસુરાદિ અસુરો સમાજના કલ્યાણમાં અંતરાયરૂપ, અધમ, અનર્થકારક અને પ્રજાને પીડા પહોંચાડનારા હતા. એ યુક્તિપ્રયુક્તિ તથા છળકપટનો આશ્રય લઈને મારો નાશ કરવા આવેલા એટલે એ મારો વાળ વાંકો કરે એ પહેલાં મારે એમનો સંહાર કરીને એમને યમસદનમાં પહોંચાડવા પડ્યા.'

કૃષ્ણની વાત સાંભળીને રાધાની ઉત્સુકતા વધી ગઈ. એ બોલી :

'પૂતનાના નાશની વાત મેં સુપ્રિયા પાસેથી સાંભળી છે પરંતુ બીજા અસુરોના નાશની વાત નથી સાંભળી.'

'તે વાત પણ તને સુપ્રિયા જ કહી બતાવશે. ગોકુલમાં તે ઘેર ઘેર ચર્ચાઈ ચૂકેલી છે. કેમ સુપ્રિયા?'

સુપ્રિયા બોલી :

'મેં એ સંબંધી સાંભળ્યું છે પણ મને વિગતવાર ખબર તો નથી જ.'

'હરકત નહિ. એને વિગતવાર જાણવાની જરૂર પણ નથી. તને અને રાધાને એની ટૂંકી રૂપરેખા પૂરી પાડીશ.'

કૃષ્ણે ચંદ્ર તરફ જોઇને જણાવ્યું :

'ચંદ્રની જેમ મારો જન્મ લાગતાવળગતા સૌને માટે સુખકારક અને શાંતિદાયક હતો, પરંતુ રાજા કંસના અનુચર જેવા એ અસુરોએ મારો અંત આણવાની યોજના કરેલી.'

'તૃણાવર્ત દૈત્ય કંસની પ્રેરણાથી જ વંટોળનું રૂપ લઇને ગોકુળમાં આવેલો. તે મને ઉપાડીને આકાશમાં લઇ ગયો. એણે સમસ્ત વ્રજમંડળને ધૂળથી ઢાંકી દીધું. લોકોને અંધ જેવા કરી દીધા.'

'એના ભયંકર મર્મભેદક શબ્દથી દિશાઓ ધ્રૂજી ઊઠી.'

'તૃણાવર્ત અતિશય શક્તિશાળી ને ભારે હોવા છતાં મારી આગળ ફાવી શક્યો નહિ. મેં મારા શરીરને મારી અદ્‌ભુત યોગશક્તિની મદદથી એટલું બધું ભારે કરી દીધું કે એ મારા વજનને સહન ના કરી શક્યો.'

'એણે ભયભીત થઇને મને ધરતી પર પાડવાનો પ્રયત્ન કર્યો, પરંતુ એનો પ્રયત્ન સફળ થાય એ પહેલાં મેં એના ગળાને જોરથી પકડીને એને નિશ્ચેષ્ટ કરી લીધો.'

'એનાં નેત્રો બહાર નીકળી આવ્યાં અને એ મારી સાથે પૃથ્વી પર પડ્યો.'

'વ્રજની સ્ત્રીઓ એ મહાભયંકર દશ્યને દેખીને વિસ્મય પામી ને ડરી ગઇ.'



'એમણે મને માતા યશોદા પાસે પહોંચાડ્યો ત્યારે એને શાંતિ થઇ.'

રાધાએ કહ્યું :

'એનો અર્થ તો એ થયો કે તારામાં જન્મતાંની સાથે જ અનેક અસાધારણ શક્તિઓનો આવિર્ભાવ થયો છે.'

કૃષ્ણે હસીને કહ્યું :

'એનો અનુભવ તો તને પોતાને પણ થઇ ચૂક્યો છે.'

'કેવી રીતે?'

'કેમ? એ વાતને તું હજું પણ ના સમજી? કે પછી બધું મારી જ પાસે કહેવડાવવા માગે છે? મારામાં અસાધારણ શક્તિ ના હોત તો તારા જેવી સૌંદર્યમૂર્તિ સુકુમારીને વશ કેવી રીતે કરી શકત?'

રાધા તથા સુપ્રિયા બંને હસી પડી.

સુપ્રિયા બોલીઃ

'પરંતુ સાથે સાથે રાધાએ પણ તને વશ કર્યો છે એટલે એની શક્તિ તારા કરતાં વધારે કહેવાય.'

'એની ક્યાં ના કહું છું? રાધા મારા કરતાં બધી રીતે આગળ રહે એવું જ ઇચ્છું છું.'

કૃષ્ણે શાંતિથી કહ્યું :

'એક વાર વૃંદાવનમાં બીજા ગોપબાલો સાથે હું યમુના તટ પર ગાયો ચરાવતો'તો ત્યારે મને મારવાના આશયથી એક અસુર વાછરડાનું રૂપ લઇને બીજાં વાછરડાં ભેગો ભળી ગયો.'

**(ક્રમશઃ)**